આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૬૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫


With Best Compliments on 'Ashadhi bij' from

Himat Patel
09374927944

Hansraj Patel
0982560684




Sudarshan Coatings

Manufacturers of: Printing Inks & Retarder

Plot No. 303/4/B, 2nd phase, GIDC, VAPi
Dist. Valsad, Gujarat, Tal. 0260 2423944
Email: hksudarshan@yahoo.co.in/hansrajpatel11@gmail.com

---

With Best Compliments of 'Ashadhi Bij' From



Timber Merchant
Saw Mill Owners

Devjibhai Patel-M: 9825132766,
Bhavesh Patel- M: 9925032767

UMIYA
Wood Industries

Plot No. 376/3, Opp. D Mart,
Silvassa Road, GIDC, Vapi



Timber Merchant
Saw Mill Owners

Mohanbhai - 93770 22916
Parth - 77789 38943

UMIYA
TIMBERS

Plot No. 333/1, Next to Gurudwara,
Silvassa Road, Dungra, Vapi - 396 195
Tel. : (0260) 2422916

---

With Best Compliments of 'Ashadhi Bij' From

Shivam Timber Industries

Virjibhai - 98251 24212
Devendra - 9879526937

Shivam Timber Industries

Suppliers of: Teak Wood, Malaysian,
Jungle, Plane Wood, Cut Size,
Ball, Bamboo & Plywood.

Plot No. 412/1, Near Chanod Bus Stop,
Silvassa Road, GIDC, VAPI - 396195.
E-mail: mail2shivamtimber@gmail.com

---




કચ્છી નવા વર્ષ પ્રવેશ નિમિત્તે સર્વેને હાર્દિક શુભકામના

MAGANLAL S PTEL
+91 9825273310

DILIP M. PATEL
+91 9825262722

SHREE SHIVAM TRADERS

Cement Articles, Hardware, Pipe Filttings

Address :PLOT NO. 412/1, NEAR CHANOD BUS STOP, SILVASSA ROAD, CHANOD, GIDC, VAPI

---



॥ હરિ ૐ ॥



॥ હરિ ૐ ॥



જય શ્રી ઓધવરામજી મહારાજ — કુળદેવીશ્રી હિંગલાજ માતાજી — બ્રહલીન પ.પૂ. ગુરૂવર વાલરામજી

સંઘબળ એ સફળતાનો પાયો છે

શ્રી ભાનુશાલી મિત્રમંડળ ટ્રસ્ટ - વાપી

કચ્છી નવું વર્ષ અષાઢી બીજ

પાંજો નવું વર્ષ - ૨૦૨૬ (ઓધવ સવંત ૧૩૭)

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી, રાજ રેસીડેન્સી બીલ્ડીંગની પાસે, છરવાડા રોડ, વાપી

સુજ્ઞ જ્ઞાતિજનો,
જય હિંગલાજ સાથે જણાવવાનું કે આપણું કચ્છી નવું વર્ષ અષાઢી બીજ તા. ૧૯-૦૭-૨૦૨૬, રવિવારના રોજ ઉજવવાનું નક્કી કરેલ છે જેમાં નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સમય બપોરે 3.30 થી
(કાર્યક્રમની શરુઆત સમયસર થઇ જશે)

કાર્યક્રમ

બપોરે : ૩.૩૦ થી ૪.૦૦ કલાકે (દીપ પ્રાગટ્ય સ્તુતિ તથા પ્રાસંગિક પ્રવચન)
બપોરે : ૪.૦૦ થી ૬.૦૦ કલાકે (સાંસ્કૃતિક કાર્યક્રમ)
સાંજે : ૬.૦૦ થી ૮.૩૦ કલાકે (સરસ્વતી સન્માન સમારંભ)
સાંજે : ૭.૩૦ થી ૧૦.૦૦ કલાકે રાત્રેઃ ઓધવ પ્રસાદ

રકતદાન મહાદાન

: વિશેષ માહિતી :

બ્લડ ડોનેશન કેમ્પ સાંજે : ૪.૦૦ કલાકે

આભાર સહ...

Location QR CODE

લિ.
પ્રમુખ તથા ટ્રસ્ટીગણ
તથા આયોજન સમિતી

પાંજે કચ્છી નવેં વરેં જીયુ જેજી જેજી વધાયું

---

અષાઢી બીજ નિમિત્તે

સર્વે કચ્છી ભાઇઓને વધાઈ અને હાર્દિક શુભેચ્છા



JAY FINECHEM
PRIVATE LIMITED
Formerly known as JAY CHEMICALS

Works :
Plot No. 137-138, Off Silvassa Road, Phase-II,
GIDC, Vapi - 396 195, Gujarat, India.
Tel.: +91 - 260 - 2431 724, 2424 620, 2400 280
E-mail : info@jaychemicals.co.in
www.jaychemicals.co.in

Office :
C-303, Neelklanth Business Park,
Nathani Road, Vidhyavihar (W), Mumbai - 400 086.
Tel. : +91 93244 20749
Telefax. : +91-22-2511 9081, 2514 7527

# નાશિક-પેઠ હાઈવે પર ઈકો-કન્ટેનર અકસ્માતમાં ૪ ના મોત




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** મંગળવારે નાશિક-પેઠ હાઈવે પર સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં એક મહિલા સહિત ચાર લોકોના કરુણ મોત નીપજયા હતા. ઝડપી ગતિએ જઈ રહેલી ઈકો કાર કન્ટેનર સાથે જોરદાર રીતે અથડાતા ત્રણ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા એક વ્યક્તિનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત થયું હતું. અકસ્માત એટલો ભયાનક હતો

**ગમખ્વાર અકસ્માતમાં સેલવાસના ૩ અને ઉમરગામના ૧ વ્યકિતનું મોત**

કે ઈકો કાર કન્ટેનરની નીચે ઘૂસી ગઈ હતી અને કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો કારમાં સવાર સેલવાસના ત્રણ અને સરીગામના એક મળી ચારના મોત થયા હતા. કારમાં સવાર મુસાફર માં મૃત્યુ પામેલાઓની ઓળખ થઈ છે. જેમાં ઉમરગામ તાલુકાના અંબુભાઈ છગનભાઈ વડવી રહે. બોંડપાડા, સરીગામ અને દાદરા નગર હવેલીના ત્રણ મૃતકોમાં રાજેશભાઈ રહે. સાયલી, કૌશલ્યાબેન કક્કડ રહે. સુરંગીઅને રમનભાઈ રહે. પીપ્રોની, તરીકે થઈ છે. અકસ્માત બાદ કન્ટેનરનો ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

## કલેકટરની આકસ્મિક તપાસમાં અધિકારીના સત્તાવાર આઈડી-પાવસર્ડનો દુરોપયોગ બહાર આવ્યો

# કલેક્ટરે કર્મચારીઓને બહાર તગેડી ખાણ-ખનીજ કચેરીને તાળું મારી દીધું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ જિલ્લા કલેક્ટર દ્વારા આજે કલેક્ટર કચેરી પરિસરમાં જ આવેલી ખાણ-ખનીજ વિભાગની કચેરીમાં આકસ્મિક ચેકિંગ હાથ ધર્યું હતું. આ તપાસ દરમિયાન અધિકારીની ઓફિશિયલ આઈડી-પાસવર્ડનો ગેરકાયદેસર ઉપયોગ થતો હોવાનું બહાર આવતા કર્મચારીઓને બહાર કાઢી મૂકી કચેરીને તાળું મારી દેવાની ઘટનાને પગલે સમગ્ર જિલ્લાના સરકારી બેડામાં ભારે ખડભડાટ મચી ગયો છે. જેના થોડા સમયમાં ઓફિસ ખોલી દેવામાં આવ્યું હતું.

વલસાડ જિલ્લા કલેક્ટર આજે અચાનક ખાણ-ખનીજ કચેરીની મુલાકાતે પહોંચ્યા હતા. કલેક્ટર જ્યારે કચેરીમાં દાખલ થયા ત્યારે ત્યાં કચેરીના અધિકારી હાજર નહોતા.

આમ છતાં, કચેરીના કર્મચારીઓ તેમના વડાના કમ્પ્યુટર લોગઈન અને ગુપ્ત પાસવર્ડનો ઉપયોગ કરીને સરકારી સિસ્ટમ પર કામગીરી કરી રહ્યા હોવાનું કલેક્ટરના ધ્યાને આવ્યું હતું.

સરકારી નિયમો મુજબ કોઈપણ અધિકારીના ડિજિટલ આઈડી કે પાસવર્ડનો અન્ય કર્મચારી દ્વારા ઉપયોગ કરવો એ ગંભીર બેદરકારી અને ગુનો બને છે.ઓનલાઈન સિસ્ટમમાં પાસવર્ડના થઈ રહેલા આ દુરુપયોગને અત્યંત ગંભીરતાથી લઈને કલેક્ટરે તાત્કાલિક અસરથી તમામ કર્મચારીઓને કચેરીની બહાર કાઢી મૂક્યા હતા અને ખાણ-ખનીજ કચેરીને તાળું મારી દીધું હતું.

કલેક્ટરના આક્રમક અને કડક વલણ જોઈને ત્યાં હાજર કર્મચારીઓના હોશ ઊડી ગયા હતા.

કલેક્ટરની આ ગર્ભિત ચેતવણી વાયુવેગે અન્ય સરકારી વિભાગોમાં પ્રસરતાં જ કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. જેના થોડા સમયમાં ઓફિસ ખોલી દેવામાં આવી હતી. કલેક્ટરનો આકરુ સ્વરૂપ જોઈ તમામ સરકારી કચેરીના અધિકારીઓ કર્મચારીઓમા ખડભરાટ મચી ગયો હતો.

# સેલવાસમાં નોટરી સ્ટેમ્પ ટિકિટની અછતથી અરજદારો અને નોટરી વકીલો પરેશાન

(દમણગ઼ગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલીના સેલવાસમાં છેલ્લા અંદાજે બે મહિનાથી નોટરી સ્ટેમ્પ ટિકિટોની અછત સર્જાતા અરજદારો, નોટરી વકીલો તેમજ સામાન્ય જનતાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્ટેમ્પ ટિકિટના અભાવે વિવિધ દસ્તાવેજી કામગીરી સમયસર પૂર્ણ થઈ શકતી ન હોવાથી લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ હાલ શાળા-કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા, વિવિધ પ્રમાણપત્રો તથા અન્ય સરકારી-કાનૂની દસ્તાવેજોની કામગીરીનો સમય હોવાથી નોટરી સ્ટેમ્પ ટિકિટની માંગમાં વધારો થયો છે. પરંતુ સેલવાસમાં ટિકિટ ઉપલબ્ધ ન હોવાથી અરજદારોને વારંવાર ધક્કા ખાવા પડી રહ્યા છે. સંબંધિત સરકારી કચેરીમાં પૂછપરછ કરતાં અધિકારીઓ દ્વારા નાસિક સ્થિત કચેરીમાં સ્ટેમ્પ ટિકિટ માટે ઈ-મેલ મોકલ્યાનું જણાવવામાં આવે છે, પરંતુ હજુ સુધી સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી. સેલવાસમાં સ્ટેમ્પ ટિકિટ ઉપલબ્ધ ન હોવાથી અહીંના નોટરી વકીલોને દમણથી સ્ટેમ્પ ટિકિટ મેળવવાની ફરજ પડી રહી છે. જોકે દમણમાં પણ સેલવાસના નોટરી વકીલોને રૂ. ૫,૪૦૦થી વધુ મૂલ્યની સ્ટેમ્પ ટિકિટ એકસાથે આપવામાં આવતી નથી. પરિણામે દર ત્રણથી પાંચ દિવસે અંદાજે ૫૦ કિલોમીટરનું અંતર કાપીને દમણ જવું પડે છે, જેના કારણે સમય અને ખર્ચ બંનેમાં વધારો થઈ રહ્યો છે.

સ્થાનિક લોકો અને નોટરી વકીલોએ માંગ કરી છે કે સેલવાસ ખાતે નોટરી સ્ટેમ્પ ટિકિટનો પૂરતો જથ્થો નિયમિત ઉપલબ્ધ કરાવવામાં આવે તેમજ સંબંધિત વિભાગ દ્વારા આ સમસ્યાના તાત્કાલિક નિરાકરણ માટે અસરકારક કાર્યવાહી કરવામાં આવે, જેથી અરજદારોને સમયસર સેવા મળી રહે અને અનાવશ્યક મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે એવી વ્યવસ્થા કરવાની માંગ કરાઈ રહી છે.

# બીલીમોરા સોમનાથ મંદિર નજીક જૂનુ વૃક્ષ ધરાશાયી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૫ :** બીલીમોરા સોમનાથ મંદિર પાછળ આવેલી શિવચરણ સોસાયટી નજીકના વોલીબોલ મેદાન પાસે આશરે ત્રણ દાયકા જૂનું આંબાનું વૃક્ષ ચોમાસાની ઋતુ દરમિયાન ફૂંકાયેલા પવનના કારણે એકાએક ધરાશાયી થયું હતું. આ આંબાનું વૃક્ષ માત્ર એક વૃક્ષ નહોતું, પરંતુ અહીં રોજિંદા વોલીબોલ રમતા યુવાનો માટે સાથી અને પ્રેરણાસ્રોત સમાન હતું. રમત વેળા અનેક યુવાનો તેની ઘેરી છાયામાં બેસી



આરામ કરતા, ચર્ચાઓ કરતા અને પ્રકૃતિનો આનંદ માણતા હતા. વર્ષોથી આ વૃક્ષ સ્થાનિક યુવાનોના જીવનનો અભિન્ન ભાગ બની ગયું હતું.વૃક્ષ ધરાશાયી થતાં પર્યાવરણપ્રેમી યુવાનોમાં દુઃખની લાગણી વ્યાપી ગઈ હતી. યુવાનોનું કહેવું છે કે વૃક્ષો માત્ર ઓક્સિજનનો સ્રોત નથી, પરંતુ શહેરની હરિયાળી, પર્યાવરણનું સંતુલન અને સામાજિક જીવન સાથે પણ ગાઢ રીતે જોડાયેલા છે. એક પરિપક્વ વૃક્ષનું નુકસાન વર્ષોની કુદરતી સંપત્તિ ગુમાવવા સમાન છે.ઘટના બાદ યુવાનોએ આ સ્થળે ફરી આંબા સહિત અન્ય છાયાદાર વૃક્ષોનું વૃક્ષારોપણ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# કપરાડા તાલુકામાં સગીરા સાથે દુષ્કર્મનો ગુનો નોંધાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૫ :** કપરાડા તાલુકાની એક સગીર વયની તરુણી સાથે લગ્ન કરવાની લાલચ આપી તેને ભગાડી જઈ દુષ્કર્મ આચરવાના ગંભીર આરોપસર કપરાડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપીએ આશરે પાંચ મહિના અગાઉ સગીરાને લગ્ન કરવાની લાલચ આપી તેના પર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ તેને ઘરેથી ભગાડી જઈ તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યાનો પણ આરોપ છે. સમગ્ર ઘટનાની જાણ પરિવારને થતાં માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે પોક્સો (POCSO) સહિત જરૂરિયાત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કાંગવઈમાં બે જળ બિલાડીને મારી નાંખતાં ઈસમ જેલમાં ધકેલાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૫ :** ચીખલી તાલુકાના કાંગવઈ ગામના એસએફ ગુલી બોયઝ વોટ્સએપ ગ્રુપમાં એક વિડીયો વાયરલ થતા જેમાં જળ બિલાડીને ફટકા મારી નાખવાનો વિડીયો જોતા ચીખલી વન વિભાગના સ્ટાફ દ્વારા કાંગવઈ ગામે ગુલાબભાઈ કાનજીભાઈ હળપતિ ના ઘરે જઈ તપાસ કરતા વન્ય પ્રાણી જળ બિલાડી નંગ ૨ ને ફટકા મારી મારી નાખતા જેની સામે વન્ય પ્રાણી સરક્ષણ ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી ગુલાબભાઈ હળપતિને ચીખલી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે જામીન ના મંજૂર કરતા સબ જેલમાં મોકલવામાં આવ્યો છે.

# સેલવાસથી વોન્ટેડ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા એક વોન્ટેડ આરોપીને સેલવાસથી ઝડપી પાડ્યો છે.

PI એ.યુ.રોઝના માર્ગદર્શન હેઠળ LCBની ટીમ વોન્ટેડ આરોપીઓને ઝડપવા પેટ્રોલિંગમાં હતી. ત્યારે મળેલી બાતમીના આધારે ધરમપુર પો.સ્ટે.માં દારૂના ગુનામાં નાસતા ફરતા આરોપીને સેલવાસથી ઝડપી પાડવામાં આવ્યો.પકડાયેલ આરોપીનું નામ રીછેશભાઈ ઉમેદભાઈ ઘોડીયા પટેલ ઉ.વ. ૨૮ છે. તે રહે. નરોલી, કાકડ ફળીયા, તા. સેલવાસનો વતની છે. LCBની ટીમે આરોપીની કબજે કરી કાયદેસરની કાર્યવાહી બાદ વધુ તપાસ અર્થે ધરમપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપી દીધો છે.

# ચિકટીયામાં ગાંજા સાથે એક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૫ :** દક્ષિણ ગુજરાતને નશામુક્ત કરવાના ઉદ્દેશ્ય સાથે ડાંગ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહેલી વિશેષ ઝુંબેશ અંતર્ગત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ડાંગ-આહવા ટીમને મોટી સફળતા મળી છે. ડાંગ પોલીસ વડા પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.પી.એસ.આઈ.એમ.જી.શેખની પોલીસ ટીમે બાતમીના આધારે આહવા તાલુકાના અંતરિયાળ ચીકટીયા ગામના પટેલ ફળિયામાંથી વનસ્પતિજન્ય સૂકા માદક પદાર્થ (ગાંજો) સાથે એક ઈસમને રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

NO DRUGS IN SOUTH GUJARAT અભિયાન અંતર્ગત ગેરકાયદેસર રીતે માદક પદાર્થોનું સેવન, વાવેતર કે હેરાફેરી કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.જે અનુસંધાને એસ.ઓ.જી.ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર.એમ.જી. શેખની રાહબરી હેઠળ ટીમ સતત ખાનગી રાહે બાતમી મેળવી કાર્યરત હતી.તા. ૧૪/૦૭/૨૦૨૬ ના રોજ એસ.ઓ.જી. શાખાના પોલીસ સ્ટાફ ચીકટીયા ગામે પેટ્રોલીંગમાં હતા. આ દરમિયાન પટેલ ફળિયામાં શંકાસ્પદ હાલતમાં ઉભેલા એક ઈસમની ઝડતી લેતા તેની પાસેથી વનસ્પતિજન્ય સૂકો ગાંજો ૦.૬૯૨ કિલોગ્રામ (કિંમત રૂ. ૩૪,૬૦૦/-),રોકડ રકમ એમ મળી મળી કુલ રૂ. ૩૪,૭૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે પકડાયેલા આરોપી વિકીભાઈ હરપતભાઈ પવાર (ઉ.વ. ૨૫, રહે. ચીકટીયા પટેલ ફળિયા, તા. આહવા, જી. ડાંગ) વિરૂદ્ધ વઘઈ પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ ૧૯૮૫ ની કલમ ૮(સી), ૨૦(બી)(એ), ૨૯ મુજબ ગુનો નોંધીને આગળની વધુ તપાસ વઘઈ પોલીસ સ્ટેશનને સોંપી છે.આ ગુનામાં સંડોવાયેલ અન્ય આરોપી બયરમ ટેલર (રહે. સાલેર ગામ, મહારાષ્ટ્ર) ને હાલ વોન્ટેડ જાહેર કરી તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# મોહના-કાવચાલી રૂટ પર બસ સેવા શરૂ કરવાની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૫ :** ધરમપુર તાલુકાના અંતરિયાળ ગામોના ગ્રામજનો અને વિદ્યાર્થીઓને પરિવહનની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી ધામણી તાલુકા પંચાયતના કોંગ્રેસ સભ્ય સવિતાબેન બારીયાએ ધરમપુર એસટી ડેપોના મેનેજરને લેખિત રજૂઆત કરી મોહના-કાવચાલી રૂટ પર એસટી બસ સેવા શરૂ કરવાની માંગ કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ મોહના-કાવચાલી-પેણધા-પીંડવડ-વેરી-ભવાડા સહિતના ગામોના લોકો અને વિદ્યાર્થીઓને નિયમિત બસ સેવા ન હોવાને કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. તેથી આ રૂટ પર દરરોજ સવારે ૭ વાગ્યે તથા સાંજે ૫:૩૦ વાગ્યા બાદ એસટી બસ શરૂ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ, નોકરીયાતો તેમજ ગ્રામજનોને દૈનિક અવરજવર, આરોગ્ય સેવા અને અન્ય જરૂરી કામકાજ માટે મોટી રાહત મળશે. એસટી તંત્રને ગ્રામજનોના હિતને ધ્યાનમાં રાખી આ રૂટ પર વહેલી તકે બસ સેવા શરૂ કરવા રજૂઆત કરવામાં આવી હતી.

આ સમયે કોંગ્રેસ તાલુકા પ્રમુખ રાજેશભાઈ પટેલ, તાલુકા મહામંત્રી મુફિદ પઠાણ, તાલુકા પંચાયતના સભ્ય દેવુ મોકાશી તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી બસ સેવા તાત્કાલિક શરૂ કરવાની માંગ કરી હતી.

# પી.એફ. ટ્રસ્ટ ધરાવતા પ્રતિષ્ઠાનો માટે EPFOની એમ્નેસ્ટી સ્કીમ-૨૦૨૬ અમલમા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનએ આવકવેરા અધિનિયમ હેઠળ માન્યતા પ્રાપ્ત પ્રોવિડન્ટ ફંડ ટ્રસ્ટ ચલાવતા પરંતુ ઋજ અધિનિયમની કલમ-૧૭ હેઠળ ઔપચારિક છૂટ ન ધરાવતા પ્રતિષ્ઠાનો માટે એમ્નેસ્ટી સ્કીમ-૨૦૨૬ જાહેર કરી છે.


આ યોજના ૨૯ જૂન, ૨૦૨૬થી આગામી છ મહિના સુધી અમલમાં રહેશે. યોજનામાં બે પ્રકારના પ્રતિષ્ઠાનો અરજી કરી શકશે. એક તરફ એવા પ્રતિષ્ઠાનો છે, જેઓ બિન-છૂટવાળા પ્રતિષ્ઠાન તરીકે પાલન શરૂ કરી ચૂક્યા છે અથવા આગળ પણ તે રીતે કામગીરી કરવા માંગે છે.

બીજી તરફ એવા પ્રતિષ્ઠાનો છે, જે ભવિષ્યમાં પણ છૂટપ્રાપ્ત પ્રતિષ્ઠાન તરીકે કામગીરી ચાલુ રાખવા ઈચ્છે છે. તો બાકી લેણાં, વ્યાજ અને દંડ સંબંધિત કેસોનું નિરાકરણ કરવામાં આવશે. પાત્ર પ્રતિષ્ઠાનોએ સંબંધિત EPFO પ્રાદેશિક કચેરીમાં ઈ-મેઈલ દ્વારા અરજી કરવી રહેશે. ઉપરાંત rc.exemption@epfindia.gov.in પર પણ અરજી મોકલી શકાશે. ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ દ્વારા નાણાકીય હિસાબોનું ઓડિટ તથા EPFOના નિર્દેશ મુજબ વિશેષ ઓડિટ ત્રણ મહિનામાં પૂર્ણ કરવું ફરજિયાત રહેશે.

# છીરીમાં ૪૦ મીટર ઊંચા મોબાઈલ ટાવર પર નશાબાજનો અઢી કલાક હાઈ વોલ્ટેજ ડ્રામા

**ફાયર બ્રિગેડ અને પોલીસ દોડતી થઈ, જોવા માટે લોકોના ટોળાં ઉમટી પડ્યા**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** છીરી ગાલા મસાલા વિસ્તારમાં આજે સાંજે ૪ વાગ્યે અહીંનો એક નશાબાજ રમઝાન નામક યુવક અહીંના ૪૦ મીટર ઊંચા બીએસએન એલ ટાવર ઉપર ચઢી જઈ લટકાવાથી લઈ સેલ્ફી લેવા જેવાં સ્ટંટ કરવાં લાગતા લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં વાપી ટાઉન ફાયર બ્રિગેડ વિભાગની બે ટીમ બે બંબા અને જીઆઈડીસી ની એક ટીમ તથા પોલીસ દોડતી થઈ ગઈ હતી. લગભગ અઢી કલાક ચાલેલા હાઈ વોલ્ટેજ ડ્રોમાં બાદ યુવકની પત્ની અને બાળકીને લઈ આવતા બંને ને જોઈ યુવક પીગળી ગયો હતો અને જાતેજ નીચે ઊતરી પડતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો.નીચે ઉતરતજ પોલીસે તેની અટકાયત કરી હતી. ઘટનાને પગલે સેંકડો લોકોના ટોળાં સ્થળ ઉપર એકઠાં થઈ ગયાં હતાં.

# વલસાડ જિલ્લામાં ડિજિટલ ક્રોપ સર્વેનો પ્રારંભ

**વાવેતરનો ડિજિટલ સર્વે થતા વાવેતરનો રિયલ ટાઈમ ડેટા સીધો ભારત સરકારને મળશે : મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી જ તે સર્વે નંબરમાં વાવેતર કરવામાં આવેલા પાકનું ફોટો સાથેનો સર્વે હાથ ધરવામાં આવશે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** દેશમાં પાક વાવેતરના રિયલ ટાઈમ ડેટા મેળવવા માટે ભારત સરકાર દ્વારા એગ્રીસ્ટેક એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. આ એપ્લિકેશનના માધ્યમથી જ ગુજરાતમાં ડિજિટલ ક્રોપ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આ કામગીરી ગ્રામ્ય સ્તરે ગ્રામ્ય કક્ષાનાં VLE/ VCE /ફાર્મર ફ્રેન્ડ અથવા ટેક્નોલોજીના જાણકાર વ્યક્તિ પસંદ થયેલા સર્વેયર દ્વારા કરવામાં આવશે. જેનુ એપ્રુવલ ગામના તલાટી તથા સર્વેનું વેરિફિકેશન ગ્રામસેવક દ્વારા કરવામાં આવશે.

વાવેતરનો ડિજિટલ સર્વે થતા વાવેતરનો રિયલ ટાઈમ ડેટા સીધો ભારત સરકારને મળશે. જેના માધ્યમથી પાક વાવેતરની પરિસ્થિતિ, પાકનું નામ, સિંચાઈનો પ્રકાર વગેરેની માહિતી જાણી શકાશે. ભારત સરકારના એગ્રીસ્ટેક ડિજિટલ ક્રોપ સર્વે અંતર્ગત વલસાડ જિલ્લાના સાત તાલુકાની વર્ષ ૨૦૨૬- ૨૦૨૭ ખરીફ ઋતુમાં ખેતીલાયક જમીનમાં ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં સમગ્ર જિલ્લામાં પસંદગી કરવામાં આવેલ સર્વેયરો દ્વારા સર્વે નંબર ઉપર વાવેતર કરવામાં આવેલા પાકનું ડિજિટલ સર્વે કરવામાં આવશે.

આ સર્વે પસંદ થયેલા સર્વેયર દ્વારા મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી જ તે સર્વે નંબરમાં વાવેતર કરવામાં આવેલા પાકનું ફોટો સાથેનો સર્વે હાથ ધરવામાં આવશે. વધુમાં ખેડૂત મિત્રો, મોબાઈલના જાણકાર હોય તેવા કોઈ પણ વ્યક્તિ આ સર્વે કરી શકશે. જેના માટે આ એપ્લિકેશન ગૂગલ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ છે. જેની લિન્ક https:/ /play.google.com/store/apps/details?id=com.amnex.agristack મુજબ છે.

વધુમાં સર્વે નંબર દીઠ ડીજીટલ ક્રોપ સર્વે માટે ગામના તમામ ખેતીલાયક સર્વે નંબર દીઠ ડિજીટલ ક્રોપ સર્વે ડેટા એન્ટ્રી માટે રૂ.૧૦/- (રૂપિયા દસ) પ્રતિ સર્વે નંબર પ્રતિ પાક (એક કરતાં વધુ પાક માટે વધુમાં વધુ રૂ. ૧૨/-(રૂપિયા બાર) પ્રતિ સર્વે નંબરદીઠ મહેનતાણું ચૂકવવામાં આવશે.

ખેડૂત મિત્રો આ સર્વેની કામગીરીમાં જોડાવા માટે તેમજ ડિજિટલ ક્રોપ સર્વેની વધુ માહિતી અંગે તાલુકાની મદદનીશ ખેતી નિયામકની કચેરી અને જિલ્લાની નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) વલસાડની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

આ સર્વેની કામગીરી તા. ૧૬ ઓગષ્ટ ૨૦૨૬ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ (૪૫ દિવસ) સુધી કરવામાં આવશે, જેમાં વલસાડ જિલ્લાના તમામ ખેડૂતોને સાથ સહકાર આપવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# દમણમાં સાયબર સુરક્ષા અંગે વર્કશોપ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**દમણ, તા. ૧૫ :** થ્રીડીના માહિતી પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા ભારત સરકારના નેશનલ ઈ-ગવર્નન્સ ડિવિઝન (NeGD)ના સહયોગથી બુધવારે દમણ સ્થિત સરકારી ઇજનેરી મહાવિદ્યાલયના સેમિનાર હોલમાં રાજ્ય ડેટા માટે સાયબર સુરક્ષા માળખાને મજબૂત બનાવવું વિષયક કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ કાર્યક્રમનું ઉદ્ઘાટન પ્રશાસનના માહિતી પ્રૌદ્યોગિકી સચિવ અજય કુમાર ગુપ્તાના હસ્તે દીપ પ્રજ્વલનથી કરવામાં આવ્યું. આ પ્રસંગે એનઆઈસીના એડિશનલ સ્ટેટ ઈન્ફોર્મેટિક્સ ઓફિસર ઉત્પલ મહેતા વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

વર્કશોપના પ્રારંભિક સત્રમાં ફફૂન્ઝના ઉપ મહા-બંધક પૂજા કાંડપાલે રાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલી સાયબર સુરક્ષા પહેલો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સમાપન સત્રમાં NIELIT દમણના પ્રિન્સિપાલ કિશોર એસ. ચૌધરીએ સરકારી વિભાગો માટે સાયબર સુરક્ષાની શ્રેષ્ઠ કાર્યપદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. વર્કશોપ દરમિયાન સાયબર જોખમો, ડેટા સુરક્ષા, ડિજિટલ ગોપનીયતા અને સરકારી વિભાગોમાં અસરકારક સાયબર સુરક્ષા અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી.

# બારોલિયામાં વલસાડના બિલ્ડરો દ્વારા છેતરપિંડીની કલેકટરને ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** ધરમપુર તાલુકાના બારોલિયા ગામે આવેલ ઓમ સાંઈ રેસીડેન્સી સોસાયટીના મકાન માલિકો અને પ્લોટ ધારકો સાથે વલસાડના બિલ્ડરો દ્વારા ગંભીર છેતરપિંડી કરવામાં આવી હોવાનું



લેખિત પ્રાથમિક સુવિધાઓ પૂરી ન પાડતા રોષે ભરાયેલા રહીશોએ વલસાડના કલેક્ટર ને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગ કરી છે ધરમપુર તાલુકા ના બારોલિયા ગામે આવેલા ઓમ સાંઈ રેસીડેન્સીના રહીશોએ વલસાડના બિલ્ડરો પાસેથી મકાન બનાવવાના હેતુસર જમીન અને પ્લોટો જરુરી શરતો સાથે ખરીદ્યા હતા પણ પ્લોટ વેચાયાના લાંબા સમય બાદ પણ આજદિન સુધી બિલ્ડરો દ્વારા સોસાયટીમાં કોઈ પણ પ્રકારની સુવિધા ફાળવવામાં આવી નથી. અને ઉડાઉ જવાબો આપી વાત ટાળી દેવાની કોશિશ કરી બિલ્ડરોએ રહીશો સાથે મોટી છેતરપિંડી કરી હોવાની વાત બહાર આવી છે. જેથી અંતે રહીશોએ કલેક્ટર કચેરી, વલસાડના દ્વાર ખખડાવ્યા છે. રહીશોએ માંગ કરી છે કે બંને બિલ્ડરો સામે તાત્કાલિક ધોરણે કાનૂની કાર્યવાહી કરવામાં આવે.

# આષાઢી બીજ : કચ્છ અને કચ્છીયતનું શિખર પર્વ

દિપક માંકડ
તંત્રી, કચ્છમિત્ર દૈનિક
ભુજ

મહાકવિ કાલિદાસે અષાઢ મહિનાનું અદ્ભુત દેવર્ણન પોતાના સુપ્રસિદ્ધ ખંડકાવ્ય 'મેઘદૂતમ'માં કર્યું છે. પત્નીના વિયોગમાં ઝૂરતા એક પક્ષ અષાઢના પહેલા દિવસે પહાડ ઉપર ઊમટતાં વાદળો જોઈને ભાવુક થઈ જાય છે. એક વાદળને પોતાના દૂત બનાવીને પત્નીની માટે સંદેશ પાઠવે છે... અષાઢસ્ય પ્રથમ દિવસે... કાલિદાસની આ પંક્તિ સાહિત્યમાં અમર થઈ ચૂકી છે.



અષાઢનો બીજો દિવસ કચ્છ અને કચ્છીઓની દુનિયામાં વિખ્યાત છે. કચ્છીઓ આષાઢી બીજે નવું વર્ષ મનાવે છે. અસ્તિત્વના આનંદનો ઉત્સવ એટલે આષાડી બીજ. તેની ઉજવણીની પરંપરા ક્યારથી શરૂ થઈ એની જુદી-જુદી કિંવદંતીઓ પ્રવર્તે છે. કચ્છના -તાપી રાજવી લાખો ફુલાણી દેશાટન પછી વતન તરફ પાછા વળે છે એ દિવસો અષાઢના હતાં. વરસાદને કારણે વનરાજી ખીલી હતી. સર્વત્ર હરિયાળી. લાખાનો કવિ આત્મા પ્રસન્ન થયો એટલે કચ્છમાં નવું વર્ષ અષાઢથી ગણવાનું ફરમાવ્યું... ને ત્યારથી આ પરંપરા શરૂ થઈ છે.

આ વિશે બીજી પણ કેટલીય ધારણાઓ છે. કવિ શબાબ આષાઢી બીજને કચ્છ અને કચ્છીયતનું શિખર પર્વ કહે છે. તેઓ ઈતિહાસકારોને ટાંકીને લખે છે કે, જામ લાખાને વિક્રમની બારમી સદીમાં માલધારીઓએ બોતાની ભૂવિશ્વના આય દિવસદી કચ્છ એકસૂત્રે કી નવા વર્ષ સાથે જેમનું નામ સંકળાયેલું છે એ બંધાયું,

લાખો ફુલાણી એટલે કચ્છનો શક્તિશાળી શાસક, લુણી નદીથી સિંપુ નદીના સાગર સંગમ સુધી તેની આશ વર્તાતી. કચ્છ અને રાજસ્થાનના છ મુખ્ય ગઢ પર લાખા ફુલાણીની સત્તાનો ધ્વજ ફરફરતો. ડો. ગોવર્ધન શર્મા અને ડો. ભાવના મહેતાએ પુસ્તકમાં લાબાનું અદ્ભુત શબ્દચિત્ર દોર્યું છે. દાનશીલતામાં કર્ણ સમાન ઉદાર, મિત્રોની સહાયતામાં કૃષ્ણ જેવો તત્પર, યુદ્ધ ભૂમિમાં ભયંકર-પરાક્રમી, શરીરમાં ભીમ જેવી શક્તિ, પણ મનમાં સંવેદનશીલતા... વૈભવ અને એવાર્યના ઉપભોગમાં ઈન્દ્ર જેવો અબાધિત, સત્ય નિષ્ઠામાં હરીચંદ્ર જેવો, સૌંદર્ય, શક્તિ, રૂપ, ગુણનો સમન્વય. પણ લાખા ફુલાણીએ કેરાને કચ્છની રાજધાની બનાવી હતી, ત્યાં તેમણે બંધાવેલો ગઢ જીર્ણશીર્ણ ઊભો છે. તેમનાં જીવન, શોખ, પરાક્રમોને લઈને કેટલીયે વાતો પ્રચલિત છે. કચ્છના જ્યોતિર્ધરોમાં નોંધાયું છે કે, ચંદ્રવંશી રાજા જામ ફુલના પુત્ર લાખાનું જીવન એવું તો વૈભવશાળી કે રોજ સવારે નવા કૂવો ખોદાવીને તેનાં પાણીથી મોટું ધોનારા, સૂર્યોદયે સવામણ સોનાનું દાન કરે. રોજ કૂવો ખોદાવવો કે રોજ સૂર્યોદયે સવામણ સોનાનું દાન કરવું એ આજે અતિશયોક્તિભર્યું લાગે, પણ આ વર્ણનમાં એ રાજવીનું વ્યક્તિત્વ છતું થાય છે... ઉદાર, વિશાળ હૃદય અને પરોપકારી જિંગર સવારના પહોરમાં તે પુષ્કળ દાન કરતા, તે પરથી લોકોએ તે સમયખંડને નામ આપ્યું 'રો લાખેજો પોર. રસિક, કવિહૃદય, શિલ્પીઓ અને યોદ્ધાઓના આશ્રયદાતા, વૃદ્ધાવસ્થામાં પણ રણે ચડવા આતુર, વિક્રમાદિત્ય, ઉદયન અને રાજા ભોજની જેમ લોકહૃદયમાં સ્થાન ધરાવતા. લાખા ફુલાણીનાં મૃત્યુને લગતી અટકળોમાં એક ઉલ્લેખ એવા મળે છે કે, તરુણ મૂળરાજ સોલંકી સાથેનાં દ્વંદ્વ યુદ્ધમાં આટકોટ (જિ. રાજકોટ) ખાતે જીવ ગુમાવ્યો ત્યારે લાખાની ઉંમર ૧૨૪ વર્ષની હતી. સંશોધકો આ વાત સાથે સહમત નથી. આટકોટ મધ્યે આવેલી ખાંભીનું આજે પણ પૂજન પાપ છે. લાખો ફુલાણી માત્ર યોદ્ધો કે શાસક જ નહીં, એક સંવેદનશીલ સૌંદર્યપ્રેમી રાજા હતાં. પ્રકૃતિપ્રેમી...આજે કચ્છના રણમાં દર વર્ષે આવતાં હજારો સુરખાબને રા લાખેજા જાની તરીકે લાડ લડાવવામાં આવે છે, એના ભીતરની વાત જાણવા જેવી છે. છેક સાયબીરિયાથી કચ્છ આવતા આ પ્રવાસી સુરખાબ પંખીની સુંદરતા અને કમનીયતા પર લાખો એટલા મુગ્ધ થયા કે પોતાના રાજ્યમાં બમાં

સુરખાબનો શિકાર શિકાર અપરાધ જાહેર કર્યો હતીને ડો. શર્મા અને ભાવનાબેન નોંધે છે કે, લાખો ફુલાણી રાજકીય કાવતરાં અને રાણીવાસની નારાજગી પણ સહન કરવી પડી હતી. તરુણ લાખો પોતાનું નસીબ અજમાવવા અણહિલવાડના ચાવડાઓને ત્યાં પહોંચીને રાજનીતિ અને યુદ્ધકળામાં ખ્યાતિ પ્રાપ્ત કરી. પિતા જામ ફુલનાં મૃત્યુના સમાચાર મળતાં જ તેનું કચ્છ આગમન થયું. કેરાકોટના અધિષ્ઠાતા બનીને કીર્તિધ્વજ લહેરાવ્યો. લાખો ફુલાણી ભવન નિર્માણના શોખીન. તેણે બંધાવેલાં મંદિરો, કિલ્લા, મહેલોના ખંડેર આજે પણ એ વાતની ગવાહી પૂરે છે.

લાખા ફુલાણીનું જીવન એવું રસાળ, રોમાંચક હતું. કાવ્ય પંક્તિઓમાં વર્ણન કંઈક એવું છે જે અહીં શબ્દસહ મૂક્યું છે.

લાખો ફુલાણી પચીસ વર્ષે રાજગાદી પર બેઠા, રાજા જામ હુલને ઘેર મંગલ દીપ પ્રગટટ્યા, સુવર્ણના દાન દેવાયાં, બીજા ૨૫ વર્ષ લાખો સૈન્ય લઈને ફરતો રહ્યો. તેણે ધરતીના નવ ખંડમાં પોતાની આણ ફેલાવી. તે સૂર્ય સમાન દાતા હતો. આ જગતમાં તે ઘણો યશ કમાર્યો. ત્યાર પછીના પચાસ વર્ષ સુધી તે કેરાકોટ પર શાંતિથી રાજ્ય કરતો રહ્યો.

લાખો ફુલાણી કચ્છના ઈતિહાસનું એક ધરખમ પાત્ર છે. દુલેરાય કારાણીએ એમના વિશે નવલકથા લખી છે અને ૧૯૭૬માં નરેન્દ્ર દવે દિગ્દર્શિત રાજીવ, રીટા ભાદુરી, પી. ખરસાણી જેવા કલાકારો સાથે ગુજરભ દિવબવિદ્યા એ બનાવ્યા વિકા માટેની નવલકથા ડો. શિદ્દીન ઉર્જાણીએ ૧૯૮૬માં છે. વિશેનાં લોકગીતો અને પ્રખ્યાત છે.

દુલેરાય કારાણીએ કચ્છ કલાથરમાં નોંધ્યું છે કે, લાખાના પિતા જામ ફુલના સાત કુમારમાં સૌથી મોટો સાંધ હતો, છતાં સૌ કોઈ પહેલી સલામ લાખાને કરતા. લાખાનો પ્રતાપ દિનપ્રતિદિન વધતો રહ્યો જે તેના ઓરમાન ભાઈઓથી સહન થાય નહીં. એ ડખે ઈર્ષ્યાનું રૂપ લીધું. જામ લાખાના ભાઈઓ પોતાનો ગરાસ લાગ્યા. લાખાને પોતાના ભાહુબળ પર વિશ્વાસ. તેણે અશગોરગઢ અને પાવર પ્રગણા સહિત સવળો ગ્રાસ પોતાના છ ભાઈઓ સાંપ, પાહો, સૂર, ચરડ, ચરડ, નીઓ અને ખીઅરા વચ્ચે વહેંચી દીધો. આગળ જતાં જે નીઅ હતો તેણે પોતાનાં નામ પરથી નાડાપો નામનું ગામ વસાવ્યું અને ખીંઅરાએ ખીરસરો વસાવ્યું. તે સિવાય બીજા ચાર કુમાર અણગોરગઢમાં જ લાગ્યા. જામ લાખો અણગોરગઢનો ત્યાગ કરીને થોડા સરદારો સાથે કેરાકોટ પાસે આવ્યો. આ સ્થાન તેને કિલ્લો બનાવવા યોગ્ય જણાયું. કચ્છનાં મધ્યમાં આવેલો હોવાથી તેણે મજબૂત કિલ્લાનું યશતર કરાવ્યું. કેરાકોટ એટલે કપિલકોટની સ્થાપના કરીને પોતાનું રાજ્ય સ્થાપ્યું. લોકસાહિત્યના દુહાની પંક્તિ 'લાખા ત લખું, ૫ ફુલાણીએ ફેર' તેમના અનુપમ સામર્થ્યની શાખ પૂરે છે.

કચ્છ આજે અદ્ભુત પ્રદેશ તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. અહીંની કુદરત, અહીંના માનવી, લોકમિજાજ, એનસહેન બધું નિરાળું... જાણે લાખો ફુલાણીનું કચચ્છ. નવવર્ષ આષાઢી બીજ નિમિત્તે એ રાજવી નરસિંહને સ્મરણાંજલિ.

(સાભાર : કચ્છમિત્ર)

# લોકહૈયાના નાથની નગરચર્યા

હમણાં હમણાં એક ભજન ખૂબ પ્રચલિત થયું છે,

***જગન્નાથ ચકા નેન,***
***નીલાચલવાલે;***
***તું ના સંભાલે તો હમે કોન***
***સંભાલે!***

જ્યારે બ્રહ્માંડનો સ્વામી રસ્તાની ધૂળ વચ્ચે પ્રજાના ખબર-અંતર પૂછવા નીકળે એ સમયનો નજારો જોવા આખાયે બ્રહ્માંડના દેવી-દેવતા આ પૃથ્વી ઉપર અચૂક આવી પહોંચતા હશે.

કેવો અદભુત નજારો!!! ખરેખર આપણે પૃથ્વીવાસીઓ ખૂબ ભાગ્યશાળી છીએ કે જગતનોનાથ આ પૃથ્વી ઉપર આપણી સાથે જ રહે છે.

અષાઢ મહિનો બેસે અને ચોમાસાની ભીની માટીની સુગંધ વાતાવરણમાં ઓગળે એટલે રથયાત્રાના દ્રશ્યો આપણી આંખ સામે તરવરવા લાગે. મગ, જાંબુ, મોસાળની વાતો અને લાખો હાથો દ્વારા ખેંચાતા રથની પરંપરાથી આપણે સૌ પરિચિત છીએ, પરંતુ વર્ષોથી ઉજવાતા આ ઉત્સવની ભીતરમાં એક એવું વિસ્મય છુપાયેલું છે જે સામાન્ય માનવબુદ્ધિને આજે પણ ચકિત કરી મૂકે છે. જે ભગવાન આખી સૃષ્ટિનું સંચાલન કરે છે, તેમની મૂર્તિઓ કેમ અધૂરી છે, કેમ તેમના હાથ-પગ નથી અને કેમ તેમની આંખો આટલી વિશાળ અને ગોળ છે, તે રહસ્ય પ્રજા અને પરમાત્માના સંબંધને એક તદ્દન અલગ ઊંચાઈ પર લઈ જાય છે.

પૌરાણિક કથા મુજબ દેવશિલ્પી વિશ્વકર્માએ શરત ભંગ થવાને કારણે મૂર્તિઓ અધૂરી છોડી દીધી હતી, પણ આ અધૂરાપણું એ વાસ્તવમાં સનાતન સત્યનો આયનો છે. હાથ-પગ વગરના પ્રભુ એ સંકેત આપે છે કે ઈશ્વરને આપણી રક્ષા કરવા માટે કોઈ ભૌતિક અંગોની જરૂર નથી, તે નિરાકાર થઈને પણ સર્વવ્યાપી છે અને સૌથી મોટી વાત એ કે આ સંસારમાં કોઈ પણ માણસ સંપૂર્ણ નથી, તેથી પ્રભુ આપણને આપણી તમામ ખામીઓ સાથે સ્વીકારે છે. પ્રભુ જગન્નાથની સૌથી મોટી



ઓળખ તેમની પલકારો ન મારતી અનિમેષ આંખો છે. તંત્ર વિજ્ઞાન અનુસાર આ આંખો અખંડ જાગૃતિનું પ્રતીક છે, જે દર્શાવે છે કે જગતનો નાથ પોતાની પ્રજા માટે ચોવીસે કલાક જાગતો રહે છે. જ્યારે તે રથ પર બિરાજે છે. ત્યારે આ પાંપણ વગરની આંખો નગરમાં ઉતરે છે, જ્યાં રાજા, રંક, પાપી કે પુણ્યશાળી વચ્ચે કોઈ પડદો નથી રહેતો અને ભીડની વચ્ચેથી પણ જ્યારે સામાન્ય માણસ એ આંખોમાં પોતાની આંખ પરોવે છે ત્યારે શબ્દો ઓગળી જાય છે અને માત્ર ભાવોનું આદાન-પ્રદાન થાય છે. આ એક એવી રહસ્યમય કનેક્ટિવિટી છે, જે દુનિયાના અન્ય કોઈ ઉત્સવમાં જોવા નથી મળતી. સત્તા જ્યારે શ્રદ્ધાના ચરણોમાં ઝૂકે છે તેનું સર્વોચ્ચ ઉદાહરણ આ યાત્રાની 'છેરા પહંરા' વિધિમાં જોવા મળે છે, જેમાં સદીઓ પહેલાં જ્યારે રાજાશાહી સર્વોપરી હતી ત્યારે ખુદ ગજપતિ રાજા રથની આગળ સોનાની સાવરણીથી કચરો વાળતા. આ પરંપરા પ્રજાને એ સંદેશ આપતી કે પ્રભુના દરબારમાં અહંકારનું કોઈ સ્થાન નથી અને સૌથી શક્તિશાળી શાસક પણ ઈશ્વર અને પ્રજાનો સેવક માત્ર છે,



કિંજલ પંડયા, પારડી


જેને જોઈને પ્રજાનો પોતાના નાથ પ્રત્યેનો પ્રેમ અગાધ બની જતો. જગન્નાથ એ છપ્પન ભોગ આરોગનારા વૈભવી દેવ નથી, તે તો પ્રજાના 'કાળિયો ઠાકર' છે, જેમનો રથ યાંત્રિક બળથી નહીં પણ ભક્તોના હૃદયના ભાવથી ચાલે છે.

પૌરાણિક માન્યતા છે કે જો ભક્તનો સાચો ભાવ ન હોય તો ગમે તેટલું જોર કરવા છતાં રથ એક ઈંચ પણ ખસતો નથી.

અષાઢી બીજની આ નગરચર્યા એ વાસ્તવમાં ગર્ભગૃહની શાંતિ છોડીને રસ્તાની ધૂળ અને માનવ મહેરામણની વચ્ચે આવતા ભગવાનનો એ ભરોસો છે કે માણસ ગમે તેટલો એકલો કે લાચાર હોય, તેનો નાથ તેના જ રસ્તાઓ પર તેની રાહ જોઈને ઊભો છે.




With Best Compliments on 'Ashadhi bij' from



HAPPY ASHADHI BEEJ

NICE-TUFF
SAFETY GLASS

Believe In Action...

Lalit Patel +91 98247 90358
Durgesh patel +91 99042 73332

Mfg. of Toughened Safety Glasses, Flat & Curved

Factory - Damanganga Industrial Park (II), Plot No. 198 & 199,
Village - Karvad, Vapi - 396 191. Guj., (India),
E-mail : nicetuff15@yahoo.com

With Best Compliments on
'Ashadhi bij' from

Jigarbhai Patel (Director)
98251 09821

the FILTRATION people

Filter Machines Pvt. Ltd.

Plot No. 2, Vraj Industrial Park,
Opp Low Price Apartment, Cannal Road- Morai, Vapi-396191.
Ph.No. 9825149821, 9925199821
E-mail. : filtermachines@gmail.com

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઇમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. **-સંપાદક**

## પ્રગતિનો આધાર નૈતિકબળ



જીવનમાં નૈતિક બળ મહત્વનું છે જો આપણાામાં નેતિકબળ હોય તો જ આપણે જીવનમાં આવતા પડકારોનો સામનો કરી શકીએ છસએ. અને સમાજને સાચી દિશામાં વાળી શકીએ છીએ. ભ્રષ્ટાચારથી ખરડાયેલો માસણ કઇ રીતે ઈમાનદારીની વાત કરી શકે એનામાં એવું સાહસ હોતું નથી. તે સત્ય માટે કદીપ ધર્મયુદ્ધ કરી શકતો નથી. કારણ કે એવા માણસ પાસે નૈતિકબળ બિલકુલ હોતુ નથી. નૈતિકબળ હોય તો જ સત્ય પ્રામાણિત અને ધર્મનું ભવ્ય ભવન ઉભુ કરી શકાય. જેણે કાળા ધોળા કરીને પોતાના વર્ચસ્વનો માયાવી મહેલ ઉભો કર્યો હોય તે સત્ય તથા ધર્મનું પાલન કઇ રીતે કરી શકે. એનામાં એવુ સાહસ જ હોતુ નથી હવાનો એક જ ઝપાટો તેના મા

યાવી મહેલને ભોંયતળીયે ભેગો કરી શકે છે. એક ચોર બીજા ચોરને ચોરી કરતાં રોકી શકતો નથી. પેલી કહેવત પ્રખ્યાત છે ચોર-ચોર મસિયાઈ ભાઈ જયાં સત્ય, ધર્મ, તથા ભાવ સંવેદના વગરના સ્વાર્થ તથા અહંકારી લોકો જ ભેગાયા હોય ત્યાંનો સમાજ બિલકુલ પ્રગતિ કરી શકતો નથી ત્યાં લડાઈ, ઝગડા, કલેશ, અશાંત અરાજકતા, વિખંડન અને શોષણનું વાતાવરણ પેદા થઈ જાય છે. ખરેખર જે સમાજનો આગેવાનો હોવા અનિર્યા છે. નૈતિકતા વગર સમાજમાં સ્થિરતા તથા શાંતિ સ્થપાઈ શકતી નથી. જયાં નૈતિકબળથી ુકત ચરિત્રવાન નેતાઓ પેદા અને સમજદાર નાગરિકો હોય એ જ સમાજ તથા રાષ્ટ્ર ઉન્નતિ સાધી શકે છે.

નૈતિકતાના આધારે જ માણસના જીવનમાં સુખશાંતિના ફુલ ખીલે છે. અને તે જીવનમાં સાચી સફળતા મેળવી શકે છે.

નૈતિક અને ઈમાનદાર માણસ જ સમાજનું નેતૃત્વ કરવા માટે શકિતમાન બને છે. જો મનુષ્યમાં નૈતિકતા હોય તો જ તેમનામાં આત્મબળ અને આત્મવિશ્વાસ પેદા થાય છે. અને પ્રમાણિકતાના માર્ગે ચાલી શકે છે. નૈતિકબળના આધારે કોઈપણ નેતા કે સમાજનો આગેવાન જનતાના રદયમાં સ્થાન મેળવી શકે છે.

નૈતિકતા, પ્રમાણિકતા, સેવાભાવના ઉદારતા વગેરેના કારણે જ ભૂતકાળમાં આપણો દેશ મહાન તથા વિશ્વવૃંદ બની શકયો હતો. નૈતિકબળ તથા ચરિત્રબળના કારણે જ આપણા દેશનો ઉત્કષૃ તથા ઉદય થયો હતો.

**- હર્ષદ દેસાઈ, વટાર**

## જન્મથી અંતિમ શ્વાસ સુધીની સફર !!



ધરતી પરનું આપણું જીવન થોડીક ક્ષણો અને શ્વાસોનો સરવાળો છે. મર્યાદિત સમય માટે આપણે આ ધરતીની મુલાકાતે આવ્યા છીએ એમ માનીશું તો ખોટું નથી.આપણને સહુને આયુષ્ય પણ નિશ્વિક માત્રામાં મળેલું હોય છે.એટલા માટે જ એનો વધુમાં વધુ સારી રીતે ઉપયોગ કરતા શીખવું એજ જીવનની સૌથી મોટામાં મોટી કળા છે. જિંદગીને આપણે જો ખરેખર ખુબજ ચાહતા હોઈએ, તો તેને વ્યર્થમાં વેડફી શકીશું નહી કારણ કે જીવન આવી ક્ષણોનું બનેલું છે. આ ક્ષણોનું જો આપણે ધ્યાન નહી રાખીએ તો જીવન કયાં અને કેવી રીતે પૂરું થઇ જશે તેનો અણસાર પણ આવશે નહી. સમયની નિરંતર વહેતી ધારામાં વહી ગયેલી ક્ષણ આપણને કદી પાછી મળવાની નથી.

મનુષ્ય જયારે જન્મે છે ત્યારે જિંદગીનું પહેલું કપડું, જેનું નામ ઝભલું એમાં ખીસું ન હોય જિંદગીનું છેલ્લું કપડું જેનું નામ કફન એમાંય ખીસું ન હોય તો વચગાળાના ખીસા માટે આટલી બધી ઉપાધી શા માટે...? આટલી બધી દોડધામ શા માટે ...? લોહી લેતા ગૃપ ચેક કરાઈ છે. પૈસા લેતા જરાક ચેક કરજો, કયા ગ્રુપના છે...? ન્યાયનો છે..? હાયનો છે ...? કે હરામનો છે ...? ખોટા ગ્રુપના પૈસા ઘરમાં આવી જવાથી જ આજે ઘર ઘરમાં અશાંતિ, ક્લેશ, કંકાસ છે.હરામનો કે હાયનો પૈસો આડા રસ્તે પૂરો થઇ જશે ને માણસને ય પૂરો કરી જશે.

કેટલા માણસો એવા હોય છે જેને જીવનમાં બધુ જ મળવા છતાં સંતોષ હોતો નથી. મનની ફરમાઈશોનો ગુલામ બની જતા હોય છે આજનો જમાનો ભૌતિક -ગતિના ભોગ - વિલાસ એશ આરામના અનેકવિધ સાધનો અને સુવિધાય આજે ઉપલબ્ધ છે એટલે આજના જીવનમાં સાદગીની નહી પરંતુ ઠાઠમાઠ ભપકાની બોલબાલા છે. જેમની પાસે વધુ પૈસા છે સુખ સગવડો છે તેમને વધુ ને વધુ પૈસા એકઠા કરવાની અને પૈસાના જોરે અતિ વૈભવશાલી અને વિલાશ મુક્ત જીવન જીવી લેવાની અતુપ્તિ હોય છે.

માનવી પોતાના જીવનમાં જે કંઈ પણ કર્મ કરે છે તેનો પાયો વિચાર છે માનવી પાસે સારા નરસા વિચાર કરવા માટે બુદ્ધિ હોય છે. છેવટે પરિણામ મુજબનું મળતું ફળ તેને અનુરૂપ હોય છે. વધુ કોલહલ, ધમપછાડા, બકબક સિવાય મૌન રહીને સારા કર્મ કરવા તેથી જીવન એવું જીવો, કર્મ એવા કરો કે સૌના હ્રદયે ગુંજ્યા કરે.જીવનમાં જાગ્યા ત્યાંથી સવાર એ સૂત્રને અપનાવી લઈએ તો પણ ઘણું છે. હજુ પણ આપણી પાસે જે કંઈ સમય બાકી છે તેનું મૂલ્ય સમજીએ. જીવનનો -ત્યેક શ્વાશ મહામૂલ્ય છે.એની -ત્યેક ક્ષણ લાખેણી છે. આપણા -ત્યેક શ્વાસ દ્વારા જીવનની સુવાસને આપણે વહેતી મુકવી છે. જીવનની -ત્યેક ક્ષણના છોડ ઉપર -સન્નતાના પુષ્પને ખીલવવું છે.

**- ચંદ્રકાંત પ્રભાકર, મગોદ ડુંગરી**

## શાળા પ્રવેશોત્સવની સમીક્ષા અતિ આવશ્યક



તાજેતરમાં જ આપણાા ગુજરાતની શાળાઓમાં -વેશોત્સવ -૨૦૨૬ રંગેચંગે સંપન્ન થયો. દૈનિક અખબારમાં એના ફોટા સાથે સમાચાર પણ -કાશિત થયા. છેલ્લા ૨૩ વર્ષથી એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ - -૨૦૦૪ થી ગુજરાતમાં દર વર્ષે શાળા -વેશોત્સવની ઉજવણી થાય છે. બે દાયકા કરતાં પણ વધુ સમયથી નિયમિતપણે શાળાઓમાં ચાલતી ઉજવણીની સમીક્ષા થાય એ અતિ આવશ્યક જ નહીં અનિવાર્ય પણ છે. શાળા -વેશોત્સવનો જ્યારે -ારંભ કરવામાં આવ્યો ત્યારે મુખ્ય ચાર હેતુઓ કેન્દ્રમાં રાખવામાં આવ્યા હતા. ૧..ગુજરાતમાં શિક્ષણનું -માણ વધે ,

૨.. શિક્ષણની ગુણવત્તા વધે , ૩.. બાળકોનો શાળા -વેશનો નામાંકન દર વધે , અને ૪.. ડ્રોપ આઉટ રેશીયો ઘટે.... શાળા -વેશોત્સવના આ ચાર હેતુઓ પૈકી કેટલા ઉદેશો કેટલે અંશે પરિપૂર્ણ થયા તે અંગે જાણવું ખૂબ જ જરૂરી છે. શાળાઓમાં અને વિદ્યાર્થીઓમાં કેટલો બદલાવ આવ્યો છે તે જાણવુ અતિ આવશ્યક છે. અખબારી અહેવાલો અનુસાર ઘણી બધી સરકારી શાળાઓમાં ભૌતિક સુવિધાનો અભાવ જોવા મળે છે એટલું જ નહીં શિક્ષકોની ઘટની પણ સમસ્યા શાળાઓને સતાવે છે. જો સરકારશ્રી ખરેખર શિક્ષણનું -માણ અને શિક્ષણની ગુણવત્તામાં વધારો કરવા ઈચ્છતા હોય તો શાળાઓમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે કે ભૌતિક સુવિધા તો બરાબર હોવી જ જોઈએ. એટલું જ નહીં કોઈપણ શાળામાં એક પણ શિક્ષકની ઘટ હોય તે કેવી રીતે ચાલી શકે ? એક બાજુ આપણા દેશમાં શિક્ષિત બેકારો પુષ્કળ -માણમાં છે અને બીજી બાજુ શિક્ષકોની ઘટ પુરાતી નથી. શિક્ષકોની સંખ્યા તો પૂરતી હોવી જ જોઈએ એટલું જ નહીં એમને નિયમ અનુસાર પગાર પણ ચૂકવાવો જોઈએ. આ યોજનાની નિષ્પક્ષ સમીક્ષા કરવા માટે એક નમ્ર સૂચન છે. શાળા કે કોલેજના નિવૃત્ત આચાર્યશ્રીઓ કે શિક્ષકો કે અધ્યાપકોની આ માટે સેવા લેવી જોઈએ.

દરેક તાલુકા દીઠ ત્રણ સભ્યોની ટીમ બનાવી દરેક શાળાની રૂબરૂ મુલાકાત લઈને ગ્રાઉન્ડ લેવલની પરિસ્થિતિનો નિષ્પક્ષ અને સચોટ અહેવાલ તૈયાર થવો જોઈએ જેને આધારે સરકારશ્રીએ -વેશોત્સવ અને ગુણોત્સવ અંગે કયા કયા ફેરફારો કરવા જોઈએ તે દિશામાં વિચારણા કરી શકાય આ અંગે ગુજરાત સરકારનું શિક્ષણ ખાતું અને શિક્ષણ મંત્રીશ્રી ગંભીરતાથી વિચારે તે ખૂબ જ જરૂરી છે. -વેશોત્સવ અને ગુણોત્સવ જેવા કાર્યક્રમોને પરિણામે શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય તો જ આ -કારના કાર્યક્રમો સાર્થક થયેલા ગણાશે.

**-ડો. જે. એમ. નાયક, નવસારી**

## સાચી હિંમતનું પ્રતીક



માનવ જીવનમાં ભૂલ થવી સ્વાભાવિક છે. દુનિયામાં એવો કોઈ વ્યક્તિ નથી જેણે ક્યારેય ભૂલ ન કરી હોય. પરંતુ ભૂલ કર્યા પછી તેને સ્વીકારવાની હિંમત દરેકમાં હોતી નથી. પોતાની ભૂલને સ્વીકારનાર વ્યક્તિ સાચા અર્થમાં બહાદુર કહેવાય છે. જે વ્યક્તિ પોતાની ભૂલમાંથી શીખે છે અને તેનો પસ્તાવો કરે છે, તે જીવનમાં વધુ સારો અને સફળ માણસ બની શકે છે. તેથી જ કહેવાય છે કે પોતાની ભૂલ સ્વીકારવી એ પણ હિંમતની વાત છે અને પસ્તાવો સૌથી મોટો -ાયશ્ચિત્ત છે. ઘણા લોકો પોતાની ભૂલ છુપાવવા માટે ખોટું બોલે છે અથવા બીજાને દોષ આપે છે. આવું કરવાથી સમસ્યાનો અંત આવતો નથી, પરંતુ તે વધુ ગંભીર બને છે. જ્યારે વ્યક્તિ પોતાની ભૂલ સ્વીકારે છે, ત્યારે લોકોનો તેના -ત્યેનો વિશ્વાસ વધે છે.

ભૂલનો સ્વીકાર વ્યક્તિના સારા સંસ્કાર, -ામાણિકતા અને જવાબદારીની ભાવના દર્શાવે છે. પસ્તાવો એ માત્ર દુઃખ વ્યક્ત કરવાનું નામ નથી, પરંતુ પોતાની ભૂલને સમજીને ભવિષ્યમાં તેને ફરી ન કરવાની -તિજ્ઞા છે. સાચો પસ્તાવો માણસના સ્વભાવમાં પરિવર્તન લાવે છે. જે વ્યક્તિ પોતાના ખોટા કાર્ય માટે અંતરથી પસ્તાય છે, તે જીવનમાં નવી શરૂઆત કરી શકે છે. આ કારણે પસ્તાવાને સૌથી મોટું -ાયશ્ચિત્ત માનવામાં આવે છે. ઈતિહાસ અને ધાર્મિક ગ્રંથોમાં પણ આવા અનેક ઉદાહરણો જોવા મળે છે, જ્યાં વ્યક્તિએ પોતાની ભૂલનો સ્વીકાર કરીને જીવનમાં મહાન પરિવર્તન લાવ્યું. આ ઉદાહરણો આપણને શીખવે છે કે ભૂલ કરતાં મોટું પાપ તેને સ્વીકારવાનો ઈનકાર કરવો છે. પોતાની ભૂલને સ્વીકારીને તેને સુધારવાનો -યાસ કરનાર વ્યક્તિ જ સાચા અર્થમાં મહાન બને છે. વિદ્યાર્થી જીવનમાં પણ આ ગુણનું ખૂબ મહત્વ છે. જો વિદ્યાર્થી પોતાની ભૂલ સ્વીકારીને તેમાંથી શીખે, તો તે અભ્યાસ, શિસ્ત અને વ્યક્તિત્વના વિકાસમાં આગળ વધી શકે છે.

પરિવાર, શાળા અને સમાજમાં પણ આવા લોકોનું સન્માન થાય છે, કારણ કે તેઓ સત્ય અને -ામાણિકતાના માર્ગે ચાલે છે.અંતમાં કહી શકાય કે ભૂલ કરવી માનવસહજ છે, પરંતુ તેને સ્વીકારવી અને તેનો પસ્તાવો કરીને સુધારો કરવો એ સાચી મહાનતા છે. જીવનમાં -ગતિ કરવા માટે પોતાની ભૂલોમાંથી શીખવું અને ફરી તે ન દોહરાય તેની કાળજી રાખવી જોઈએ. ખરેખર, પોતાની ભૂલનો સ્વીકાર એ હિંમતનું -તીક છે અને સાચો પસ્તાવો જીવનને નવી દિશા આપતું સૌથી મોટું -ાયશ્ચિત્ત છે.

**- જયોતિ ઉત્પલ પંડયા, અતુલ**

## યુવા પેઢીને જરૂર છે કૌશલ્યની, ડીગ્રી નહીં..!



વિશ્વ કૌશલ્ય દિવસ ૧૫ જુલાઈ ના રોજ ઉજવાય છે અની ઉજવણી ૧૫ જુલાઈના દિવસે જુદી જુદી રીતે જુદા જુદા માધ્યમોથી થશે પણ. પરંતુ યથાર્થ રીતે જ્યારે આ યુવા પેઢી એના કૌશલ્ય સાથે, સામર્થ્ય સાથે, કૌવત સાથે, સજ્જ અને સમજદારી સાથે પુરતા આત્મવિશ્વાસ સાથે આપણે કાર્યરત થતી જોશું ત્યારે જ કદાચ આ કૌશલ્ય દિવસની ઉજવણી ઉચિત જણાશે.

આજે યુવા પેઢી, શિક્ષણ સાથે સંકળાયેલી આ પેઢી જે હતાશા, નિરાશા, બેરોજગારી, અન્યાય અને પેપર ફૂટવાની કાયમી અરાજકતા વચ્ચે અટવાયેલી છે એ પરિસ્થિતિમાં એને બચાવવા માટે, એને સુરક્ષિત બનાવવા માટે, એને યોગ્ય દિશા બતાવવા માટે આજનો આ કૌશલ્ય દિવસ સૌને મનન, ચિંતન માટે -ેરે છે, ચિંતા કરવા મજબૂર કરે છે. કારણ આજની યુવા પેઢી તેની આવતી કાલની અનિશ્ચિતતા વચ્ચે અટવાઈ રહી છે, દિશાશૂન્ય જણાય છે, આત્મઘાતી પગલાં ભરવા સુધી દોરાય છે ત્યારે એ બાબત શિક્ષણ વ્યવસ્થા, સમાજ વ્યવસ્થાની નિષ્ફળતાનો પુરાવો શા માટે ન ગણાવો જોઈએ.? ભણતર પછી વધુ ભણતર માટે થોપવામાં આવેલી નીટ અને અન્ય અનક્લીને પરિક્ષાઓ શું લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરવા માટે આયોજીત થાય છે.? આ પરિક્ષા પેપર ફેડીને જાણે પૈસા બનાવવાનો ધંધો બની ગયો હોય તેવું અત્યાર સુધી બનેલી ઘટનાઓ જ્યારે માનવાને -ેરે કે શંકા જન્માવે છે, ત્યારે સાથે એવું પણ લાગે છે કે શું આ આયોજન ફક્ત પેલા સંપન્ન અને પહોંચેલા લોકો માટે તો નથીને..?

-‘ યુવા પેઢીને સ્પર્શતો છે. એમના ભવિષ્ય સાથે સમાજ, પરિવાર અને રાષ્ટ્રના ભવિષ્યનો પણ છે. આજે શિક્ષણ બાળકોને શિક્ષીત સાથે સુસંસ્કૃત નથી બનાવી શકતું. શાળા કોલેજમાં એના સીલેબસનું, અને એને પુરા કર્યાનું ધ્યાન અપાય છે, એ ક્યાં અને કેટલી હદે વિદ્યાર્થીઓ સુધી પહોંચ્યું એ માટે એ શિક્ષકો કે -ધ્યાપકોની કોઈ તપાસની વ્યવસ્થા છે ખરી.? વર્ષો પહેલાંનો શિક્ષક એક એક વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત ધ્યાન આપી એને શિક્ષણ સાથે સંસ્કાર આપવા સંનિષ્ઠ -યત્નો પુરી જવાબદારી સાથે સમર્પિત થઈ કરતો. આજે હવે તો એ બધું ભૂલાઈ ચુક્યું છે, કારણ શિક્ષણ ધર્મ નહીં ધંધો બની ચુક્યું છે, શિક્ષક કે -ધ્યાપક મોટે ભાગે હવે ટીએ ડીએ અને આવનારા સાતમા આઠમા પગારપંચની રાહ જોતો, પોતાના વધતા ટકાની ગણતરીમાં રમમાણ અને પોતાનામાં જ વ્યસ્ત જોવા મળે છે. સીલેબસ પુરો કરવો કે પુરા થયેલો દેખાડાય એ પુરતી એની જવાબદારી. બાકી વિદ્યાર્થી ભણ્યો કે નહીં, સમજ્યો કે નહીં એ વિદ્યાર્થી જાણે ને જાણે એના માબાપ..! વાત માબાપે, વાલીઓએ પણ સમજવાની છે. માત્ર મોટી મોંઘીદાટ સ્કૂલોમાં એડમિશન લઈ આપવાથી જ તમારું બાળક સફળ થશે એ માન્યતા ખોટી છે એ વાતને કરોડો એવા વિદ્યાર્થીઓ જેઓ ગરીબ છે સરકારી શાળાઓમાં ભણ્યા છે તેમણે સ્વબળે આગળ વધી પોતાની સૂઝબૂઝ અને આત્મવિશ્વાસથી કાઠું કાઢી સફળ થવાની આલબેલ પોકારી ઈતિહાસ સર્જ્યો છે.

વિશ્વ કૌશલ્ય દિવસની ઉજવણીના આ અવસરે આપણે આ ચીલાચાલુ ઘરેડમાંથી બહાર આવીએ. જગત ઝડપભેર બદલાઈ રહ્યું છે ત્યારે આ મેકોલેએ આપેલ શિક્ષણ વ્યવસ્થા જ્યાં સુધી ધરમૂળથી બદલાઈને સમયની માંગને નહીં અનુસરે, એની જરુરીયાતને સમજ્યા વિના ફક્ત ડીગ્રીઓ વહેંચ્યા કે વેચ્યા કરશે ત્યાં સુધી આજની યુવાપેઢી અનિશ્ચિતતાના વમળમાં અટવાતી રહેશે.? ગેરમાર્ગે દોરાતી રહેશે. હતાશાથી -ેરિત એ ડ્રગ્સના રવાડે ચડતી રહેશે, આત્મહત્યાઓ થાતી રહેશે.

કોની છે આ અટકાવવાની જવાબદારી..?


માબાપ, સમાજ, શિક્ષણવિદો, શિક્ષણવિભાગ, જન-તિનિધિઓ અને સાથે જ સરકારની જેણે હાલની અરાજકતાને નાથી કૌશલ્યસભર, આત્મવિશ્વાસથી ભર્યા આત્મનિર્ભરતાના વિશ્વાસનો અહેસાસ કરાવતી શિક્ષણ -ણાલી નિર્માણ કરવા આ ક્ષણે સંકલ્પ લેવો પડશે. સમયની આ માંગ છે, આત્મનિર્ભર રાષ્ટ્ર નિર્માણ માટેની આ પહેલી શરત, -ાથમિક આવશ્યકતા માનવી રહી. અનિવાર્યતા સ્વિકારવી રહી.

ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન..!

વિશ્વ કૌશલ્ય દિવસના અવસરે...!

**- લાયન કિરીટ શાહ. વાપી**

## ઘરનો સુખી એ સુખની પરાકાષ્ઠા છે



ઘર એટલે સલામતીનું રક્ષણ આપતી ચાર દીવાલો નહીં. ઘર એટલે ઠાઠ-ઠઠારો, શોભામાં અભિવૃદ્ધિ કરતું ફર્નિચર નહીં. ઘર એક જુદી જ વસ્તુ છે. ઘર એટલે બહાર નીકળ્યા પછી જ્યાં પાછા ફરવા માટે જીવ તત્પર રહેતો હોય તે. એવું તે શું હોય છે આ ઘરમાં કે જતાં જતાં છૂટા પડવાનું દુઃખ લાગે અને પાછા વળવામાં સુખ ઉપજે? ઘરનો આધાર દિવાલ નહીં પણ એકમેકનું વહાલ છે. એકમેકનું એટલે પતિ, પત્ની અને સંતાનોનું. ચાર દીવાલમાં રહીને જ સ્વતંત્રતા આપે તે ઘર. સાથે રહેવું એટલે સાથે જીવવું. સાથે જીવવું એટલે કોઈ પણ વાત, કોઈપણ છોછ વિના કે નિષેધ વિના, સામાને શું લાગશે એના ભય વિના, મોકળાશ થી કરી શકો તે. ઘરનો અર્થ એવો નહીં કે ૨૪ કલાક ઘરમાં એકમેકની સામે બેસી રહેવું. એક મેકને તાકી તાકીને જોયા કરો. ઘરથી દૂર જાઓ છો ત્યારે જ ઘરનું મૂલ્ય સમજાય છે.

પત્ની થોડાક દિવસને માટે -વાસે ગઈ હોય, સ્ત્રી એના સ્વભાવ -માણે -વાસ જતી હોય ત્યારે આખી બેગમાં ચિંતા ભરીને જતી હોય છે. ઘરમાંથી એક વ્યક્તિ જાય એટલે ઘર અચાનક મોટું થઈ જાય છે. -િય વ્યક્તિના અવાજ વિનાની શાંતિ કનડતી હોય છે અને કરડતી હોય છે. ઘરથી દૂર જઈએ ત્યારે જ ઘરઝુરાપાનો અર્થ સમજાય છે. આપણાં સ્વજનો વિના ગમે એટલો વૈભવી -વાસ કરીએ પણ સ્વજનો નથી એની દરિદ્રતા કઠતી હોય છે. હજારો માઈલ દૂર જઈએ ત્યારે પણ આંખ સામે તો ઘર જ દેખાય છે. એક મરાઠી કવિની આ એક પંક્તિ યાદ આવે છે કેટલું કઠિન છે -દેશ પહોંચવું સ્વદેશના ત્યાગ વિના. ઘરથી દૂર જઈએ છે ત્યારે ઘરના સ્મરણો વૃક્ષ પરના પંખીઓની જેમ ઉભરાય છે.

ઘરની વાત કરીએ તો કવિ નિરંજન ભગતે એમનાં એક કાવ્યમાં ઘરને એક જુદું જ પરિમાણ આપ્યું છે. એ કહે છે કે, જ્યાં ટપાલી પત્ર લાવે, જ્યાં શોધતા- વણશોધતા મિત્રો અને મહેમાનો આવી ચડે, જેનું બધાને તમે ઠામઠેકાણું આપી શકો તેને શું તમે ઘર કહો છો? જે વિશ્વ- નાગરિક છે એના મનમાં ઘરનો સંકુચિત અર્થ ન હોય. એને માટે તો વસુધૈવ કુટુંબકમ,

નિરંજન ભગત કહે છે કે જ્યાં તમે પગમાંથી પગરખા ઉતારો છો, ટોપીનોય ભાર ઉતારી દો છો, જ્યાં તમે હાથ પહોળા કરીને હાશ કહો છો, જ્યાં સર્વના મુખ તમને જોઈને સહજતાથી મલકી ઊઠે છે ત્યાં, ત્યાં બધે, કહો, શું તમારું ઘર નથી ? જે માણસ મૂળ પોતાનાં ઘરનો સુખી હોય એને જ જગત આખું પોતાનાં ઘર જેવું લાગે છે.

ઘરમાં જે હાશકારો અનુભવો છો એ હાશકારાની અનુભૂતિ સર્વત્ર થતી હોય તો ઘરની દીવાલો આપમેળે ઓગળતી હોય છે. એટલે તો સાહેબ, કહેવાયું છે કે, ધરતીનો છેડો ઘર.

**- અશરફ ચુડાસમા, ભીલાડ**

## ડિજિટલ બાળપણ




આજના આ ડિજિટલ યુગમાં ટેકનોલોજીએ આપણા જીવનને સંપૂર્ણપણે બદલી નાખ્યું છે, પરંતુ આ પરિવર્તનની સૌથી મોટી કિંમત આપણા માસૂમ બાળકો ચૂકવી રહ્યા છે. જ્યાં થોડા દાયકાઓ પહેલા બાળકોની સાંજ મેદાનોમાં દોડાદોડ કરતા, ધૂળ-માટીમાં રમતા અને મિત્રો સાથે ખડખડાટ હસતા વિતતી હતી, ત્યાં જ આજનું બાળપણ એક બંધ રૂમમાં સ્માર્ટફોનની સ્ક્રીનની સામે સમેટાઈને રહી ગયું છે. ઈન્સ્ટાગ્રામ રીલ્સ, યુટ્યુબ અને ટિકટોક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે બાળકોના કોમળ મગજને એવી રીતે પોતાના કબજામાં લઈ લીધું છે કે તેઓ વાસ્તવિક દુનિયાથી તદ્દન કપાઈ રહ્યા છે. વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક સંશોધનો સતત ચેતવણી આપી રહ્યા છે કે શરૂઆતના વર્ષોમાં બાળકોનું મગજ ખૂબ જ ઝડપથી વિકસે છે અને આ ઉંમરે તેઓ જે કંઈ પણ જુએ કે અનુભવે છે, તે તેમની વિચારવાની અને સમજવાની ક્ષમતાને કાયમ માટે -ભાવિત કરે છે.

સોશિયલ મીડિયાને એવી રીતે જ બનાવવામાં આવ્યું છે કે તે મગજમાં તરત જ ખુશી આપનાર ન્યુરોટ્રાન્સમીટર ડોપામાઈનને સક્રિય કરે, જેનાથી બાળકોમાં ધીરજ ખૂટવા લાગે છે અને તેઓ કોઈ પણ કામ કે અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી. જ્યારે દર થોડી સેકન્ડે આંગળી ખસેડતા જ નવો રોમાંચક વીડિયો સામે આવવા લાગે છે, ત્યારે બાળકોનું મગજ વાસ્તવિક જીવનની ધીમી -વૃત્તિઓથી કંટાળી જાય છે, જેનાથી તેમનો અટેન્શન સ્પેન (ધ્યાન કેન્દ્રિત કરવાનો સમયગાળો) ખૂબ જ ઓછો થઈ જાય છે અને તેમની સ્વાભાવિક સર્જનાત્મકતા નષ્ટ થવા લાગે છે.શારીરિક રીતે પણ આ લત બાળકોને અંદરથી ખોખલા કરી રહી છે, કારણ કે કલાકો સુધી એક જ જગ્યાએ બેસીને સ્ક્રીન જોવાથી તેમની શારીરિક સક્રિયતા લગભગ ખતમ થઈ જાય છે, જે બાળપણમાં જ મેદસ્વીપણું (મોટાપો), આંખોની નબળાઈ, કરોડરજ્જુમાં દુખાવો અને અનિદ્રા જેવી ગંભીર સમસ્યાઓને જન્મ આપી રહી છે. આ સાથે જ, સોશિયલ મીડિયાની આ આભાસી દુનિયા બાળકોને એક એવા માનસિક અજગરી ભરડામાં ધકેલી દે છે જ્યાં તેઓ દરેક સમયે પોતાની સરખામણી બીજાઓ સાથે કરવા લાગે છે અને લાઈક્સ તથા કમેન્ટ્સની સંખ્યાના આધારે પોતાનું આત્મસન્માન નક્કી કરવા લાગે છે, જેનાથી તેમનામાં લઘુતાગ્રંથિ (હીન ભાવના), તણાવ અને ડિ-શન જેવી માનસિક બીમારીઓ ખૂબ જ નાની ઉંમરે જ પનપવા લાગે છે. આ આભાસી દુનિયામાં ખોવાયેલા રહેવાને કારણે બાળકો વાસ્તવિક સમાજ સાથે વાત કરવાની, બીજાની ભાવનાઓને સમજવાની અને સંવાદ સાધવાની પાયાની કુશળતા શીખી શકતા નથી, જેનાથી તેઓ ભવિષ્યમાં એકલતાનો શિકાર બની જાય છે. આ બધા જોખમોથી બાળકોને બચાવવાની જવાબદારી સંપૂર્ણપણે માતા-પિતા અને વાલીઓ પર આવે છે,

જેમણે પોતે પણ બાળકોની સામે ફોનનો મર્યાદિત ઉપયોગ કરીને એક સારા રોલ મોડેલ બનવું પડશે અને ઘરમાં નો-સ્ક્રીન નિયમ લાગુ કરવો પડશે. બાળકોને માત્ર ફોનથી દૂર કરવા પૂરતું નથી, પરંતુ તેમને મેદાની રમતો, ચિત્રકામ, સંગીત, પુસ્તકો અને -કૃતિની નજીક લઈ જઈને એક સ્વસ્થ વિકલ્પ આપવો પડશે જેથી તેઓ સ્ક્રીનની કૃત્રિમ ચમકને છોડીને વાસ્તવિક દુનિયાની સુંદરતાનો અનુભવ કરી શકે. જ્યાં સુધી આપણે સામૂહિક રીતે એક સમાજ તરીકે બાળકોને આ ડિજિટલ ચક્રવ્યૂહમાંથી બહાર કાઢવાનો -યાસ નહીં કરીએ, સુધી આપણે તેમને તેમનું એ બેફિકર, જાદુઈ અને તંદુરસ્ત બાળપણ પાછું નહીં અપાવી શકીએ જેના તેઓ ખરેખર હકદાર છે.

**- અંજલિ પ્રજાપતિ, પારડી**

## વાપી મનપા લોકોનો વિશ્વ અને વિકાસની ધરોહર બનવી જોઈએ



વાપી મનપા કોલક નદી અને દમણગંગા નદી વચ્ચેના વિસ્તારને મનપાની ઓળખ થઈચૂકી છે. પ્રથમ વખત નવનિર્મિત મનપા બન્યા બાદ ચુંટણીપંચની નિગરાની હેઠળ ચૂંટણી યોજાયા બાદ સત્તાનુ સ્થાન મનપાને આપવામાં આવ્યું હતું. ચૂંટાયેલા સભ્યોમાંથી સમિતિની રચના, કામોની વહેચણી, હોદ્દેદારોની નિમણૂક થઇ હતી. ત્યારબાદ વિકાસના સુધારા વધારા માટે કમર કસી છે. લોકોના અનેસનને પણ મહત્વ આપવામાં પ્રયાસ કરવામાં આવ્યોછે. જે સરાહનિય છે. એટલુ જ નહીં મનપામાં સમાવિષ્ઠ કરેલા ૧૧ ગામોને વિકાસ માટે સાથે રાખ્યા છે. જેની શરુઆત થઈ ચૂકી છે. આજસુધી અવિકસીત રહ્યા હોવાની વિકાસ માટે જરુરી સુવિધાની માંગણી કરી રહ્યા છે.

વટાર ગામ, કુંતા, મોરાઈ, તરકપારડી, ગામોની મધ્યમાં અવેલ છે. વાપી સુધી જવુ નહીં પડે એ માટે રાષ્ટ્રિયકૃત બંકની અનિવાર્યતા છે. પોલીસ સટેશન પણ હોવું જોઈએ. વાપી, વટાર, વલસાડ સવાર સાંજ બે રૂટની અનિવાર્યતા છે. જે મોરાઈ ઉદવાડ(બગવાડા) ની હોવી જોઈએ. કુંતા ગામને બસથી સાંકળી શકાય એ માટે દમણથી વાયા વટાર બગવાડા ઉદવાડા રૂટોની જરુરીયાત છે. કોલક નદી પર બ્રીજ મોરાઈ વટાર, બગવાડાને જોડતો તૈયાર થઈ ચુકયો છે. ત્યારે એનું લોકાપર્ણ થાય તે પહેલાં એની ગુણવત્તાને ધ્યાને લેવાની જરુરી છે જેથી પાછળથી સવાલો ઉભા ન થાય. પૂર્વ તરફ રસ્તો પહોળો કરવાની જરુર છે. આ બ્રિજથી દમણ સુધીના લોકોને માટે આશીર્વાદરૂપ છે. મા. નાણામંત્રી એમની દીર્ધદષ્ટી અને બ્રિજની અનિવાર્યતા ધ્યાને લઈ મોરાઈ વટાર બગવાડા બ્રીજનું નિર્માણ થઈ ચૂકયુ છે. ત્યારે એનુ શ્રેયમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને ભાજપ સરકારને ફાળે જાય છે. સંબંધિત બંને તરફના ગામડાઓ ના વડવાઓ કોલક નદી પર બ્રિજ બને તેવી ઈચ્છા ધરાવતા હતાં. પરંતુ અફસોસ તેમની બ્રિજ બનાવી આપી શકી નહી. કોઈક નદીમા બંને તરફના ગામડાના લોકો બ્રિજ બનાવી આપ્યો તે બદલ નાણામંત્રી કાનુભાઈ દેસાઈનો અને ભાજપ સરકારનો ખુબ ખુબ આભાર માને છે. અને ઋણી રહેશે. લોકોમાં બ્રિજનું લોકાર્પણ કયારે થાય ? એની પ્રતિક્ષા થઈ રહી છે.

**- પ્રવીણચંદ્ર ચુનીલાલ દેસાઈ, વટાર**

## અચાનક હડકવાઉપડવા લાગે ત્યારે ..



શીર્ષક વાંચીને વિચાર આવ્યો હશે ને કે, ઓચિંતા કોરોના જેમ હડકવાફેલાવા લાગ્યો કે શું ? ચિંતા કરવાની જરૂર નથી દોસ્તો કારણકે, બર્ડ ફ્લૂ કે કોરોના જેવી કોઈ ગંભીરબીમારી આવી નથી રહી, પણ રોજબરોજની જિંદગીમાં જે કારણ વગરહડકાયા થાય છે એને આ શીર્ષક સમર્પિત છે.

આજની ભાગદોડભરેલી જિંદગીમાં તમે ઘર - પરિવારની જવાબદારી વચ્ચે એટલા વ્યસ્તરહેતા હશો કે, સમયસર ખાવાનું પણભૂલાઈ જતું હશે. એક ફાઈલ પૂરી કરીને પછી જમું કે એક સ્હ-ણૂફૂશ્ર સ્ફૂફૂદ્ધ ભરી પછીપાણી પીવ... એવી જ રીતે કાળી મજૂરી કરતા ગરીબો પણ એક આટલું પતાવીને પછી જમવા બેસુ એમ વિચારી વ્યસ્તતામાં ખોવાઈ જતા હોય છે. ઘરે બાળકોને સાચવતીગૃહિણી પણપળબેપળની નવરાશ માટે તરસતી હોય છે એમાં ઑફિસે જતી સ્ત્રીને તો ફુરસદ ક્યાં મળવાની ? હા, ખાસ નોંધ લેજોં કામ કરવા જતી દરેક સ્ત્રી કામની જગ્યાએ કામને બદલે આખા ગામની પંચાત કરે એની વાત નથી થઈ રહી... એ લોકોના ઘરવાળા તો એનાં એટલા કંટાળેલા હોય કે, એ જાય એટલી વાર જ ઘરમાંશાંતિ રહેતી હોય છે.અહીં કર્મનિષ્ઠ સ્ત્રી અને પુરુષો અને એમની સારપનેબિરદાવવાની વાત છે.પણ આજે શિક્ષિત ખહુરિયાઓની વાત થઈ રહી છે. શિક્ષણનો હેતુ વ્યક્તિને સત્યનિષ્ઠ, ઈમાનદાર, ઉદાર, મિલનસારઅનેમાણસાઈની રખેવાળબનાવવાનો હતો, એને બદલે માણસ બીજા માણસને શબ્દો અને વર્તનથી કરડવા લાગ્યો છે.

આ ઈર્ષાનો હડકવા એટલો ખતરનાક છે કે,આવી હડકાઈ વ્યક્તિ જેની પણટોળીમાંભળે એને એના જેવા હડકાયા બનાવી દઈ ખુદને જંગલનો રાજા સમજવા લાગે છે. સારાલોકો આવા લોકોથીદૂરરહીપોતાનું જીવન શાંતિથી જીવવા માંગતા હોય છે,પણ હડકાઈવ્યક્તિ અભિમાન કરવા લાગે કે, બધામારાથીડરેછે- મારા કાબુમાં છે અને હું કહું એમજ કરે છે. આ હડકાઈવ્યક્તિ એની સંગતમાં આવે એ બધાને એના જેવા હડકાયા કરીને મજા લેતા હોય છે.એ લોકો એમ સમજતા હોય કે, અમારાથીવધારે સમજદાર અને હોશિયાર આખી દુનિયામાં કોઈ નથી, પણ હકીકતમાં બોસની કે અધિકારીની ચાટુકારી કરીને ઘણી વાર સજામાંથી અને દરેકવખતે કામમાંથી છટકીને રાવણની જેમ અભિમાનમાં છકી જતા હોય છે.

સારા લોકો ભગવાનને ન્યાય કરવાનું સોંપીપોતે ખુદના કામમાં પરોવીને સમયની રાહ જોતા હોય છે.કર્મ કોઈને છોડતા નથી. વગર કારણે કોઈ નિર્દોષના જીવને દુભાવીને આજ દિનસુધી બચી શક્યું નથી. સમય નબળો હતો તો સતીસીતાને રાવણ ઉપાડી ગયો અનેસતી દ્રૌપદીનું ભરી સભામાં ચીરહરણ થયું.... ત્યારે પાપી જીવોનું અભિમાન સાતમા આસમાને હતું. પછી સમયનું ચક્ર ફર્યું ત્યારે રાવણનો લંકા સહિત અને દુર્યોધનનો આખા કુળ સહિત સર્વનાશ થયો. એ જ રીતે તમે જોયું હશે કે, હડકાયા કૂતરા પેલા આખા ગામને કારણ વગર કરડવા નીકળે અને અંતે ભૂંડે હાલેમરે છે અને એને મરી ગયાપછી કોઈ અડકવા પણ માંગતું નથી.એ રીતે હડકાયા થયેલા માણસો પણભૂંડા હાલે જ મરેછે. જેને આખી જિંદગી અભિમાનમાં બીજા લોકોના જીવ બાળેલા હોય એ ઠાઠડીએ પણ ઠરતા નથી. આવા જીવ અવગતિએ જઈ ભૂત બની ભટકતા રહેછે. આવા પાપી લોકોને ભગવાન પણબીજી વાર મનુષ્યદેહ આપતા નથીઅને એટલે -તાત્માબનીરિબાઈનેપોતાનાકુકર્મ ભોગવે છે એનો ઉલ્લેખ આપણા ધર્મગ્રંથોમાં જોવા મળે છે. જો તમારી આસપાસ કૂતરા હડકાયા થાય તોડરવું નહિ, સમયની રાહ જોવો અને નિશ્ચિંત રહો. પોતાના સત્ય, ઈમાનદારી અને કર્મો પરવિશ્વાસ રાખો,,, બાકી અતિશય ત્રાસવધી ગયો હોય તો હડકવાની રસી મુકાવીદેજો એનો અર્થ તમારાપરિ-ક્ષ્યમાં કરી લેવું.

**- નીતા પી.જાદવ**

# અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# આજે દમણના નમો એરપોર્ટથી પહેલી ફ્લાઈટ ઉડાન ભરશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૫ :** બુધવાર દમણ માટે ઐતિહાસિક દિવસ બનવાનો છે. આજે દમણના નવનિર્મિત નમો એરપોર્ટથી દિલ્હી માટે પહેલી કોમર્શિયલ ફ્લાઈટ ઉપડશે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુ અને રાજ્ય પ્રશાસક પ્રફુલ પટેલ ફ્લાઈટને લીલી ઝંડી આપશે.

પ્રથમ ફ્લાઈટના લોન્ચિંગ નિમિત્તે નમો એરપોર્ટ સંકુલમાં એક ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જનપ્રતિનિધિઓ, વહીવટી અધિકારીઓ, ઉદ્યોગ પ્રતિનિધિઓ, વિવિધ સંગઠનોના અધિકારીઓ અને અન્ય મહાનુભાવોને આમંત્રણ આપવામાં આવ્યું છે. એરપોર્ટને ખાસ શણગારવામાં આવ્યું છે, અને ઉદ્ઘાટન સમારોહ માટેની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

દિલ્હી અને દમણ વચ્ચે સીધી હવાઈ સેવા શરૂ થવાથી પ્રદેશમાં પર્યટન, વેપાર અને રોકાણને નવી ગતિ મળશે તેવી અપેક્ષા છે. મુસાફરોને હવે રોડ અને રેલ મુસાફરી પર આધાર રાખવો પડશે નહીં, જેનાથી મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઓછો થશે. આ સેવા દમણને રાષ્ટ્રીય રાજધાની સાથે સીધી રીતે જોડીને પ્રદેશના આર્થિક અને સામાજિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, નમો એરપોર્ટથી હવાઈ સેવાઓના વિસ્તરણ સાથે, ભવિષ્યમાં અન્ય મોટા શહેરો માટે ફ્લાઈટ્સ શરૂ થવાની અપેક્ષા છે. સ્થાનિક લોકો પ્રથમ ફ્લાઈટને લઈને ઉત્સાહિત છે, જેને દમણના વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ માનવામાં આવી રહ્યું છે.

### નામધાગામમાં પ્રાથમિક શાળાના શિક્ષકોએ

# ડુમલાવના શિક્ષક દંપતિની અનોખી સમાજ સેવાને લોકો હજુ યાદ કરે છે

## શિક્ષણ અને સમાજસેવાનું જીવંત પ્રતીક સ્વ. બબલીબેન ઉર્ફે ઉર્વશીબેન અને સ્વ. સુરેશભાઈ પટેલ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૫ :** જિલ્લા પંચાયત વલસાડ સંચાલિત નામધા પ્રાથમિક શાળાના નિવૃત્ત આચાર્ય દંપતી સ્વ. બબલી બેન ઉર્ફે ઉર્વશીબેન સુરેશભાઈ પટેલ અને સ્વ. સુરેશભાઈ સુરજીભાઈ પટેલ આજે પણ નામધા-ચંડોર સહિત સમગ્ર વાપી અને પારડી પંથકમાં આદર્શ શિક્ષક અને સમાજસેવક તરીકે ગૌરવપૂર્વક યાદ કરવામાં આવે છે. બંનેએ શિક્ષણને માત્ર નોકરી નહીં, પરંતુ સમાજસેવાનું પવિત્ર માધ્યમ બનાવ્યું હતું.આ પતિ-પત્નીએ પોતાના સમગ્ર શૈક્ષણિક સેવાકાળ દરમિયાન નામધા ગામને કર્મભૂમિ બનાવી ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે આર્થિક તથા માનવીય સહારો પૂરો પાડ્યો હતો. અનેક વિદ્યાર્થીઓના જીવનમાં જ્ઞાનનો દીવો પ્રગટાવી તેઓએ સમાજમાં આગવું સ્થાન મેળવ્યું. ગામના દરેક વર્ગ અને સમાજના લોકો સાથે તેમણે પારિવારિક સંબંધો કેળવ્યા હતા. સુખ-દુઃખના દરેક પ્રસંગે તેઓ ગામલોકોની વચ્ચે હાજર રહેતા હોવાથી સૌના પ્રિય બન્યા હતા. નિવૃત્તિ બાદ પણ નામધા ગામ સાથેનો તેમનો આત્મીય સંબંધ અતૂટ રહ્યો.સ્વ. સુરેશભાઈ પટેલ પારડી તાલુકા અને વલસાડ જિલ્લાના શિક્ષણક્ષેત્રના અગ્રણીઓમાં ગણાતા હતા. શિક્ષકોના હિત, તેમના પ્રશ્નોના ન્યાયસંગત ઉકેલ અને શૈક્ષણિક વિકાસ માટે તેમણે સતત લડત ચલાવી હતી, જેના કારણે શિક્ષક સમાજમાં તેમને વિશેષ માન-સન્માન મળતું હતું.

નિવૃત્તિ બાદ વતન પારડી તાલુકાના ડુમલાવ ગામે સ્થાયી થયેલા સ્વ. ઉર્વશીબેને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ઝંપલાવી ભવ્ય વિજય મેળવ્યો હતો અને પાંચ વર્ષ સુધી લોકપ્રતિનિધિ તરીકે નિષ્ઠાપૂર્વક તેમના વિસ્તારમાં સેવા આપી હતી. તેમણે લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે સતત પ્રયત્નો કરી જાહેરજીવનમાં સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

કોરોના મહામારી દરમિયાન લોકોની સેવા કરતાં બંને કોરોના સંક્રમિત બન્યા હતા. વાપીની હોસ્પિટલમાં સારવાર દરમિયાન બંનેનું અવસાન થતાં સમગ્ર વાપી, પારડી અને નામધા-ચંડોર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી હતી. તેમનું નિધન શિક્ષણ અને સમાજસેવાના ક્ષેત્રે અપુરણીય ક્ષતિ માનવામાં આવે છે.આજે પણ તેમના શિક્ષણપ્રેમ, સાદગી, માનવતા અને નિઃસ્વાર્થ સેવાભાવને લોકો ગૌરવભેર યાદ કરે છે.સ્વ. ઉર્વશીબેન અને સ્વ. સુરેશભાઈ પટેલનું સમગ્ર જીવન શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સમાજસેવકો માટે પ્રેરણાદાયી વારસો બની રહ્યું છે.

# વલસાડમાં ઉડાન અને લાયન્સ દ્વારા સપ્ત સેવા સંગમ કાર્યક્રમ યોજાયો




**વલસાડ, તા. ૧૫ :** ઉડાન - ધ વિંગ્સ ઓફ ટેલેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ તથા લાયન્સ ઈન્ટરનેશનલના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧ જુલાઈ, ૨૦૨૬ ને શનિવારે સંસ્કાર કેન્દ્ર હોલ માં સપ્ત સેવા સંગમ કાર્યક્રમ આયોજિત થયો આ અંતર્ગત વિશાળ નિઃશુલ્ક આરોગ્ય સેવા કેમ્પમાં કુલ ૩૭૨ દર્દીઓએ લાભ લીધો. કેમ્પ દરમિયાન જનરલ મેડિકલ ચેકઅપ, આંખોની તપાસ, દાંતની તપાસ, પંચકર્મ સારવાર તેમજ વિવિધ લેબોરેટરી ટેસ્ટ જેવી આરોગ્ય સેવાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઉપરાંત તમામ લાભાર્થીઓને જરૂરી દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવી, જેના કારણે અનેક દર્દીઓને તાત્કાલિક સારવાર અને માર્ગદર્શન મળી શક્યું. આ આયોજનને સફળ બનાવવામાં આયોજક ડો. જાનકી ત્રિવેદી એ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સમગ્ર સેવા અભિયાનને સફળ બનાવવા માટે RMD વાગલધરાની ટીમ તેમજ ડૉ. નાઈલ દેસાઈની ટીમે નિઃસ્વાર્થ સેવા આપી અને આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાત ડૉક્ટરો તથા સ્વયંસેવકોના સહયોગથી કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયો. કાર્યક્રમમાં લાયન્સના ગવર્નર હેમલભાઈ પટેલ તથા અન્ય લાયન્સ સભ્યો હાજર રહ્યા હતા. આ સેવા યજ્ઞમાં લાયન્સની કુલ ૧૩ ક્લબો જેવીકે વલસાડ તિથલ રોડ, પાનોલી ઈન્ડસ્ટ્રીઅલ એરિયા, અંકલેશ્વર સીટી, સુરત નકોડા, સુરત રિવરસાઇડ, વાપી આલ્ફા, ઉદવાડા સંજીવની, બારડોલી, વાપી સેન્ટ્રલ, ભીલાડ આરાધના, વાપી ગ્રેટર, વાપી ઈન્ટીગ્રેટેડ, વાપી ડ્રિમ વગેરે એ સહભાગી બની સેવા કાર્યમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

# નાનાપોંઢા તાલુકા ભાજપના પ્રભારી તરીકે શૈલેશ પટેલની નિમણૂંક કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ,તા.૧૫ :** ભારતીય જનતા પાર્ટી દ્વારા વલસાડ જિલ્લાના નવરચિત નાનાપોઢા તાલુકાના મંડળ પ્રભારી તરીકે ગોઈમા ગામના વતની તથા નાની વહીયાળ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શૈલેશકુમાર આર. પટેલની નિમણૂક કરવામાં આવી છે. તેમની આ નિમણૂક ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ મોવડીમંડળ, વલસાડ જિલ્લા પ્રભારી વિનયભાઈ શુકલા, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા તથા કપરાડા વિધાનસભાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી છે.



શૈલેશકુમાર પટેલે ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, જિલ્લા પ્રભારી વિનયભાઈ શુકલા, પ્રદેશ ઉપાધ્યક્ષ તથા ધારમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ, રાજ્યના નાણા મંત્રી કનુભાઈ દેસાઈ, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી તથા જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ સહિત પક્ષના તમામ આગેવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

તેમણે જણાવ્યું કે પક્ષે સોંપેલી જવાબદારીને સંપૂર્ણ સમર્પણ સાથે નિભાવી નાનાપોઢા તાલુકામાં સંગઠનને વધુ મજબૂત બનાવવા અને કાર્યકરો સાથે સંકલન વધારવા માટે સતત કાર્ય કરશે. તેમની નિમણૂકને લઈને ભાજપના કાર્યકરો અને શુભેચ્છકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

# ગણદેવા સ્મશાન ભૂમિ પાસે જુગાર રમતા ૬ ઝડપાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૧૫ :** ગણદેવી તાલુકાના ગણદેવા ગામે સ્મશાન ભૂમિ પાસે ચાલતા જુગારધામ પોલીસે છાપો માર્યો હતો. જેમાં ૬ આરોપીઓ રંગેહાથ દબોચી રૂ.૧.૪૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે એકને વોન્ટેડ જાહેર કરાયો હતો.

ગણદેવી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે પૂર્વપટ્ટી નાં ગણદેવા ગામે સ્મશાન ભૂમિની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાક યુવાનો ગોળ કુંડાળું વળી તીન પત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા છે. પોલીસે સ્થળ પરથી કુલ ૬ જુગારીયા અક્ષયભાઈ બાલુભાઈ પટેલ (૩૨) રહે. રાનવેરીખુર્દ, પટેલ ફળીયું, તા. ચીખલી,અંકિતભાઈ સુરેશભાઈ પટેલ ( ૩૦) રહે. કાગવઈ, ઘંટી ફળીયા, તા. ચીખલી, દિનેશસિંગ કલ્લુસિંગ રાજપુત ( ૪૮) રહે. ખાપરીયા, વડ ફળીયા, તા. ગણદેવી, હિતેષભાઈ અરવિંદભાઈ પટેલ (૪૧) અનેરમેશભાઈ મણીલાલ પટેલ (૪૫) બંને રહે. સાંબાગામ, મેડીયા ફળીયા, તા. અંબિકા, રૂપેશકુમાર ધીરૂભાઈ પટેલ (૩૦) રહે. ખરવાણ ટેકરી ફળીયા, તા. મહુવા ની અટકાયત કરી હતી. જ્યારેઅક્ષયભાઈ રાજુભાઈ પટેલ રહે. ગણદેવા, કેવડીયા ફળીયા, તા. ગણદેવી, ને વોન્ટેડ જાહેર કર્યો હતોપોલીસે રેડ દરમિયાન આરોપીઓ પાસેથી રોકડ રૂ.૧૭,૭૫૦, આરોપીઓની અંગ ઝડતીમાંથી રૂ.૧૫,૨૧૦ અને દાવ પરથી રૂ.૨,૫૪૦, મોબાઈલ ફોન નંગ૫ રૂ.૬૫ હજાર, મોટર સાયકલ ૦૨ કિંમત રૂ.૬૦ હજાર મળી કુલ રૂ.૧,૪૨,૭૬૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. ગણદેવી પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# વલસાડ રૂરલ પોલીસ દ્વારા એક પેડ મા કે નામ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજા ના માર્ગ દર્શન હેઠળ વલસાડ જિલ્લા પોલીસના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ દ્વારા આજરોજ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના ભદેલી, હિંગરાજ ઊડાન સ્મશાન ભૂમિ માં આયોજિત એક પેડ માં કે નામ ના કાર્યક્રમમાં ડ્રગ્સ મુક્ત ભારત અભિયાન અંતર્ગત ડ્રગ્સ વિરોધી તથા કોસ્ટલ સુરક્ષા જન-જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં PSI વાય.પી. હડીયા તથા SOG ના પોલીસ સ્ટાફની આગેવાનીમાં યોજાયેલ આ કાર્યક્રમમાં ગામજનો કુલ ૭૦ થી વધુએ ભાગ લીધો હતો.આ પ્રસંગે ડ્રગ્સના સેવનથી યુવાધનની જિંદગી પર થતી વિપરીત અસરો, શારીરિક પ્રમાનસિક નુકસાન તથા NDPS એક્ટ હેઠળની કાયદાકીય જોગવાઈઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. PSI વાય.પી. હડીયા દ્વારા ડ્રગ્સની લત કેવી રીતે જીવન બરબાદ કરે છે અને પોલીસને મદદરૂપ થઈ સમાજને વ્યસનમુક્ત કેવી રીતે બનાવવો તે અંગે તથા દરિયાઈ સુરક્ષા તકેદારી અંગે સ્પીચ આપવામાં આવી હતી.

### શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ દ્વારા

# વલસાડમાં આર્થિક સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

**વલસાડ, તા. ૧૫ :** શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ, વલસાડ સંસ્થા દ્વારા અલગ-અલગ કેટેગરીમાં કુલ ૩૬ લાભાર્થીઓને રૂ. ૧,૨૦,૪૬૯ ની સહાય રાશીનું વિતરણ કરવામાં આવ્યું છે,

નિરાધાર સહાય ૧૪ નિરાધાર ભાઈ-બહેનોને પ્રતિ માસ રૂ. ૬૦૦ લેખે, ૩ મહિનાના રૂ. ૧૮૦૦ પ્રમાણે કુલ રૂ. ૨૫,૨૦૦ ની સહાય, દિવ્યાંગ સહાય ૮ દિવ્યાંગ લાભાર્થીઓને ૩ મહિનાના રૂ. ૧૮૦૦ લેખે કુલ રૂ. ૧૪,૪૦૦ ની સહાય. વિધવા સહાયૈ ૬ વિધવા બહેનોને ૩ મહિનાના રૂ. ૧૮૦૦ લેખે કુલ રૂ. ૧૦,૮૦૦ ની સહાય, વિશેષ સંજોગોમાં સહાય ૧ લાભાર્થીને ૩ મહિનાના રૂ. ૧૮૦૦ લેખે કુલ રૂ. ૧,૮૦૦ ની સહાય, શૈક્ષણિક સહાય ૩ વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે કુલ રૂ. ૧૨,૦૦૦ ની સહાય, પોલિસી ક્લેમ ૪ લાભાર્થીઓને કુલ રૂ. ૫૬,૨૬૯ ની સહાય ચૂકવવામાં આવી છે. આ સમગ્ર સેવાકીય પ્રવૃત્તિ ગીજેન્દ્રભાઈ પીઠાવાલાના યોગ્ય માર્ગદર્શન હેઠળ સંસ્થાના સક્રિય કાર્યકરો બિપીનભાઈ કલવાડીયા, હિરેનભાઈ સુરતી, રૂપેશભાઈ રાધારી તેમજ અમિતભાઈ મેહવાલા દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. તમામ કાર્યકરોએ લાભાર્થીઓના ઘર સુધી પહોંચીને આ સહાય સુપરત કરી હતી.

# નાની ઢોલડુંગરીમાં દીપડાના હુમલાથી મહિલા ઈજાગ્રસ્ત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૫ :** ધરમપુર તાલુકાના નાની ઢોલડુંગરી ગામના માન ફળિયામાં આજે વહેલી સવારે દીપડાના હુમલાની ઘટના સામે આવતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. સવારે અંદાજે ૬ વાગ્યે ૪૦ વર્ષીય જ્યોતિબેન પટેલ પર દીપડાએ હુમલો કર્યો હતો. સદનસીબે મહિલાને સામાન્ય ઈજા પહોંચતા સારવાર હેઠળ નજીકની પીએચસી ખાતે લઈ જવામાં આવી હતી

પ્રાપ્ત માહિતી મુજબ, જ્યોતિબેન પટેલ પોતાના ઘર નજીકના કોઢમાંથી છાણ નાખવા માટે ઉખેડા પર ગયા હતા. તે દરમિયાન નજીકના ખેતરમાં પાણીનો પ્લાસ્ટિક પાઈપ વાળતી વખતે ઝાડીમાંથી અચાનક હિંસક દીપડો બહાર આવી મહિલાને નિશાન બનાવી હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન દીપડાએ મહિલાના પગના ભાગે પંજો મારતા નખના નિશાન પડ્યા હતા.





હુમલા બાદ ગભરાઈ ગયેલી મહિલાએ જોરજોરથી બૂમાબૂમ કરતા આસપાસના ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોની હાજરીથી દીપડો જંગલ તરફ ભાગી છૂટ્યો હતો. મહિલાને પગમાં સામાન્ય ઈજા થતાં નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર આપવામાં આવી હતી.

ઘટનાની જાણ તાત્કાલિક ધરમપુર વન વિભાગને કરવામાં આવતા વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી. ગ્રામજનોની સુરક્ષાને ધ્યાનમાં રાખી દીપડાને પકડવા માટે વન વિભાગ દ્વારા ઘટનાસ્થળ નજીક પાંજરું ગોઠવી દેવામાં આવ્યું છે તેમજ વિસ્તાર પર સતત નજર રાખવામાં આવી રહી છે.

ગ્રામજનોએ જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં દીપડો સતત ફરતો જોવા મળી રહ્યો છે. છતાં યોગ્ય પગલાં ન લેવાતા આજે આ હુમલાની ઘટના બની હોવાનું તેમણે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ધરમપુર તાલુકાના નાની ઢોલડુંગરી, મરઘમાળ, બિલપુડી ડુંગરપાડા, મધુરી, વાંકલ સહિતના આજુબાજુના વિસ્તારોમાં અગાઉ પણ દીપડાના હુમલામાં મનુષ્યો તેમજ પશુઓ ઈજાગ્રસ્ત થયાની અનેક ઘટનાઓ બની ચૂકી છે. જેના કારણે ગ્રામજનોએ વન વિભાગ સમક્ષ દીપડાને વહેલી તકે પકડી સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ વિસ્તારમાં સતત પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠાવી છે.

# સેલવાસમાં રમત વિજ્ઞાન પર કાર્યશાળા યોજાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા.૧૫ :** દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવના રમતગમત અને યુવા બાબતો વિભાગ દ્વારા આજે સિલવાસાના કલા કેન્દ્ર ખાતે રમત વિજ્ઞાન વિષયક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યશાળાનો મુખ્ય હેતુ શારીરિક શિક્ષણના શિક્ષકો, કોચ, ટ્રેનરો અને રમતગમત સાથે જોડાયેલા કર્મચારીઓને રમત વિજ્ઞાનની આધુનિક અને વૈજ્ઞાનિક તાલીમ પદ્ધતિઓ અંગે માહિતગાર કરવાનો હતો.

કાર્યક્રમના મુખ્ય અતિથિ રમતગમત અને યુવા બાબતો વિભાગના નિયામક અરુણ ગુપ્તાએ જણાવ્યું કે ખેલાડીઓના શ્રેષ્ઠ પ્રદર્શન માટે વૈજ્ઞાનિક તાલીમ, સંતુલિત પોષણ, માનસિક સજ્જતા, ઈજાઓથી બચાવ અને અસરકારક પુનર્વસનનું જ્ઞાન અત્યંત જરૂરી છે. કાર્યશાળામાં વિવિધ નિષ્ણાતોએ રમતગમત તાલીમ, ખેલાડીઓના પુનર્વસન, પ્રતિબંધિત દવાઓ અંગે જાગૃતિ, હાર્ટ રેટ આધારિત તાલીમ, પોષણ તેમજ મસાજ દ્વારા સ્નાયુઓની પુનઃપ્રાપ્તિ અને ઈજાઓની રોકથામ જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું.

કાર્યશાળામાં કેન્દ્રશાસિત પ્રદેશની સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓના શારીરિક શિક્ષણના શિક્ષકો, કોચ અને રમતગમત વિભાગના અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિભાગે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આવી પહેલો દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશમાં રમતગમતના વૈજ્ઞાનિક વિકાસને વધુ પ્રોત્સાહન મળશે.

# સાદડી રાણકપુર જૈન મંડળ વાપીનો સ્નેહ સંમેલન અને જનરલ મિટિંગ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** સાદડી રાણકપુર જૈન મંડળ વાપી દ્વારા રવિવાર, ૧૨ જુલાઈ ૨૦૨૬ના રોજ કેશર ફાર્મ, બગવાડા ખાતે સ્નેહ સંમેલન અને જનરલ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ધાર્મિક ભાવના અને સમાજના વરિષ્ઠજનોના માર્ગદર્શન સાથે થઈ હતી.



કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા. બસ દ્વારા યાત્રા દરમિયાન ઉત્સાહભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. જનરલ મિટિંગમાં સામાજિક વિષયો પર ચર્ચા કરવામાં આવી અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં મહિલાઓએ નૃત્ય કરી કાર્યક્રમને યાદગાર બનાવ્યો.

મંડળ દ્વારા વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ના ધોરણ ૧ થી ૧૦ના તેજસ્વી વિદ્યાર્થીઓની માર્કશીટ મંગાવી સન્માન કરવાનો નિર્ણય લેવાયો. સાથે જ તપસ્વીઓનું સન્માન અને ડિગ્રી પ્રાપ્ત કરનાર બાળકોના નામ નોંધવાની પણ અપીલ કરવામાં આવી. જે સભ્યો પાસે વાહનની સુવિધા ન હતી તેમના માટે વાહન વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

મંડળના પદાધિકારીઓએ સમાજના તમામ સભ્યોને વધુને વધુ સંખ્યામાં જોડાઈને એકતા, શિક્ષા અને સામાજિક વિકાસને મજબૂત બનાવવા આહ્વાન કર્યું. આ પ્રસંગે નવી કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે પુષ્પેન્દ્ર ભંડારી, ઉપપ્રમુખ સચિન બંબોલી, સેક્રેટરી નિલેશ ધોકા, ખજાનચી પ્રમોદ પરલેચા, કમિટીના સભ્યો તરીકે શ્રીપાલ પરમાર, મહેન્દ્ર ગુગલિયા, રાકેશ તળેસરા, કેતન,ભાવેશ બાગના, રોહિત કાવેડેચિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે. કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો.

# વલસાડ ડેપોનો દૈનિક મુસાફરો વિરોધી કારભાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૧૫ :** ખેરગામથી વલસાડ- ૨૦ કિ. મી. નિયમ વિરુધ્ધ ઉભા ઉભા મુસાફરી કરતા પ્રવાસીઓ કોરોના કાળ પછી બંધ કરેલી વલસાડ ખેરગામ સામસામેની ઈન્ટરસિટી સેવા સાત વર્ષ પછી પણ શરૂ નહીં કરી, ખેરગામથી પરત થતી મોટા ભાગની બસને આગળ સુધી લંબાણ કરી ગેરકાયદે હેરફેર કરતા વાહનોને ખુદ એસટી જ કમાણી કરાવી રહી છે. હાલમાં જેટલી દોડે છે તેની સંખ્યા કમ સે કમ બમણી થવી જોઈએ પણ તેવું નહીં કરીને આરટીઓ વિરુદ્ધ ગેરકાયદેસર માત્ર ૩૨ બેઠક પર ૩૨ મુસાફરોને જ લઈ જવાના બદલે ૮૦ થી ૧૦૦ જેટલા ભરચક ઠાંસી ઠાંસીને મુસાફરોની હેરફેર કરે છે છતાં જવાબદાર સરકારી તંત્રો આંખ મિચામણા કરે છે.

ખેરગામથી સવારે ૦૬૨૫ કલાકે ઉપડતી ઉપયોગી બસને ૧૫ મિનિટ વણમાગી મનસ્વી પણે વહેલી કરી મુસાફરોને કોઈ જાણ, ડેપોમાં નોટિસ પણ મુકવાની તસ્દી લીધી નથી.

એક જાગૃત નાગરિક ૦૬૨૦ થી આ બસની રાહ જોતા ઉભા હતા અને ડેપોમાં ૬-૩૦ ફોન કરી પૂછ્યું ત્યારે જાણ કરી કે ૫-૫૦ ના બદલે ૫-૪૦ એ વહેલી ઉપડી જાય છે. વરિષ્ઠ નાગરિકે હવે ૬-૪૫ પાટી વલસાડ મળશે ની રાહ જોતા ૬:૩૩ એ તે આવી, વહેલી આવતા ક્રૂને પૂછતા આ પણ વહેલી કરી છે એવું જણાવ્યું જેની જાણ પણ કોઈને નથી.

જેથી ૦૭-૦૭ ક. બસ ૨૦૭૩ વલસાડ કોલેજ સ્ટેન્ડ પર જ સીધી લગાવી, (વલસાડ ખાતે ઍલાઈટ પ્લેટફોર્મ જ બનાવેલું નથી) જેમાં ૭૦ થી વધુ મુસાફરો ઠાન્સવામાં આવ્યા હતા એટલે કે ૩૨ બેઠકની સામે ૩૮ ઉભેલા. (જે સ્ટેન્ડિઝની મીની બસમાં છૂટ-વ્યવસ્થા જ નથી.) એસટી નિગમ નિયમ વિરુદ્ધ વર્તન કરે છે. ખેરગામથી ચઢેલા મુસાફરોએ કચડાઈને વલસાડ સુધી ઉભું રહેવું પડે છે. પીઠા સેગવા કલવાડા વિ. સ્ટેન્ડના મુસાફરોને લઈ શકાય નહી તેવી ગંભીર હાલત હતી. દરવાજો તો ઓટોમેટિક હોવા છતાં તેનો ઉપયોગ કરવા દેતા નથી જેથી દરવાજે પણ મુસાફરો જોખમી લટકે છે. વરિષ્ઠ નાગરિક માટે તો અનામત બેઠક જ નથી પરિણામે ઉભા ઉભા દુઃખી થતાં વલસાડ પહોંચતા જ કંટ્રોલરની પાસે ફરિયાદપોથી માંગી ૧૧૦૩૪ ક્રમાંકથી ફરિયાદ લખી હતી જેમાં સમય ફેરફાર અંગે મુસાફરોને આગોતરી જાણ કરવી જોઈએ તેવું ડેપો વાળા નથી કરતા કે નથી નોટિસ મુકતા. રોજ ખેરગામથી ઉભા ઉભા વલસાડ સુધી આવતી ૪ વરિષ્ઠ મહિલાઓની પાસે પણ પાછળ ફરિયાદમાં સહી લેવામાં આવી છે.


# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ● મોરાઈ ● કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ

# વાપી માટે મનપાની વિવિધ કમીટીઓના ચેરમેનોની પ્રાથમિકતા શું રહેશે ?

## સૌથી મહત્વની સ્ટેન્ડિંગ કમિટીની ભૂમિકા અંગે ચેરમેન શું કહે છે?



સતિષ પટેલ

મહાનગરપાલિકામાં સૌથી મહત્વની સૌથી મહત્વની કમિટી હોય તો તે સ્ટેન્ડિંગ કમિટી હોય છે. વાપી મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના પ્રથમ ચેરમેન તરીકે સતિષ પટેલ જવાબદારી સંભાળે છે. તેઓ આ કમિટીના કાર્યો અને જવાબદારી અંગે જણાવે છે કે,મહાનગરપાલિકામાં સ્ટેન્ડિંગ કમિટી એ નાણાંકીય અને વહીવટી નિર્ણયો લેનારી સૌથી મહત્વની સમિતિ હોય છે અને નાગરિકોને ઝડપી અને પારદર્શી સુવિધા મળે તે મુખ્યત્વે ચાર કાર્યો માટે જવાબદાર હોય છે. જેમાં ૧. નાણાંકીય મંજૂરી, શહેરના વિકાસ કામો, રસ્તા, ગટર, પાણી, બગીચા અને અન્ય પ્રોજેક્ટ માટે બજેટની મંજૂરી આપવી, ૨. વિકાસ કામોનું મોનિટરિંગ : મંજૂર થયેલા કામો સમય મર્યાદામાં અને ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવું, ૩.નીતિ વિષયક નિર્ણયો : કરવેરા, નવા નિયમો અને નાગરિક સુવિધાઓને લગતા મહત્વના નિર્ણયો લેવા, ૪.તાત્કાલિક સમસ્યાઓનું નિરાકરણ : પાણી, ગટર, સ્વચ્છતા અને રસ્તા જેવા રોજિંદા પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવોનો સમાવેશ થાય છે.

વાપી મનપાની પ્રથમ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે મારો અને મારી ટીમનો ઉદ્દેશ 'સ્વસ્થ વાપી, સ્વચ્છ વાપી, સમૃદ્ધ વાપી' બનાવવાનો છે. અમે નાગરિકોના સહયોગથી વાપીને આદર્શ શહેર બનાવવા કટિબદ્ધ છીએ.

## હોસ્પિટલ અને રોગી કલ્યાણ સમિતિ

**ચેરમેન : શ્રીમતી મનીષાબેન દિનેશભાઈ દાયમા**



સૌપ્રથમ હું પક્ષના નેતૃત્વ અને મહાનગરપાલિકાના હોદ્દેદારોનો આભાર વ્યક્ત કરું છું કે તેમણે મારા પર વિશ્વાસ મૂક્યો છે. મારું મુખ્ય વિઝન શહેરના દરેક નાગરિકને ગુણવત્તાસભર, સસ્તી અને સરળ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનું રહેશે. સરકારી હોસ્પિટલો, પીએચસી સેન્ટરોમાં જરૂરી દવાઓ, આધુનિક સાધનો અને નિષ્ણાંત ડૉક્ટરોની ઉપલબ્ધતા વધે તે માટે પ્રયાસ કરીશું. દર્દીઓને સારવાર દરમિયાન કોઈ મુશ્કેલી ન પડે તે માટે ફરિયાદ નિવારણ વ્યવસ્થા વધુ અસરકારક બનાવવામાં આવશે. માતા-બાળ આરોગ્ય, વૃદ્ધોની સારવાર, રસીકરણ, સ્વચ્છતા અને ચેપી રોગોના નિયંત્રણ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. આરોગ્ય સેવાઓ વધુ પારદર્શક અને દર્દીકેન્દ્રિત બને તેમજ લોકોનો સરકારી આરોગ્ય સેવાઓ પર વિશ્વાસ વધે તે દિશામાં સમગ્ર સમિતિ સાથે મળીને નિષ્ઠાપૂર્વક કાર્ય કરીશ.

## મનપા નગર નિયોજન સમિતિ

**ચેરમેન : મિત્તલબેન કુંજલભાઈ શાહ**



રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રી અને કેન્દ્ર સરકારના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા વાપીને પણ સુઆયોજિત અને આધુનિક શહેર તરીકે વિકસાવવાનો અમારો સંકલ્પ છે. નગર નિયોજન સમિતિ દ્વારા નવા ભળેલા વિસ્તારો સહિત સમગ્ર શહેરમાં આયોજનબદ્ધ વિકાસ, પહોળા અને ગુણવત્તાસભર રસ્તાઓ, મજબૂત ડ્રેનેજ વ્યવસ્થા, પૂરતી જાહેર સુવિધાઓ, બગીચાઓ, પાર્કિંગ અને હરિયાળી વધારવા માટે પ્રાથમિકતા આપવામાં આવશે. શહેરના વિકાસમાં પારદર્શિતા, નિયમબદ્ધતા અને જનભાગીદારીને વિશેષ મહત્વ અપાશે. વિકાસના દરેક કાર્યમાં નાગરિકોના સૂચનોને આવકારવામાં આવશે અને લાંબા ગાળાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવશે. મહાનગરપાલિકાની ટીમ, જનપ્રતિનિધિઓ અને અધિકારીઓના સહયોગથી વાપીને સ્વચ્છ, સુવ્યવસ્થિત, આધુનિક અને સર્વસુવિધાસભર શહેર બનાવવાના ધ્યેય સાથે સતત કાર્ય કરવામાં આવશે.

## આરોગ્ય સમિતિ

**ચેરમેન : સંદીપભાઈ પટેલ**



વાપી મનપાની આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે નિયુક્ત થયેલા સંદીપ અમૃતભાઈ પટેલે જણાવ્યું હતું કે આ સમિતિના ચેરમેન તરીકે મારું લક્ષ્ય નવા ભળેલા ગામો સાથે શહેરને સ્વચ્છ, સુંદર અને હરિયાળું બનાવવાનું રહેશેમાં કચરાનો સમયસર નિકાલ તે માટે ડોર ટુ ડોર ગરબેજ કલેક્શન તેમજ નિયમિત માર્ગો અને આજુબાજુનું સફાઈ, મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટે નિયમિત ફોગિંગ અને દવાઓનો છંટકાવ કરવામાં આવશે. મનપાના આરોગ્ય વિભાગ દ્વારા, રસીકરણ અને આરોગ્ય જાગૃતિ અભિયાનોને વેગ આપવામાં આવશે.

વરસાદી મોસમમાં ચેપી રોગચાળો ન ફેલાય તે માટે પૂર્વ આયોજન સાથે કામગીરી કરવામાં આવશે.

નાગરિકોની આરોગ્ય સંબંધિત ફરિયાદોનો ઝડપી અને પારદર્શક રીતે નિકાલ થાય તે માટે પણ ખાસ ધ્યાન આપવામાં આવશે. સમિતિના તમામ સભ્યોને જનપ્રતિનિધિઓ, અધિકારીઓ અને નાગરિકોના સહયોગથી વાપીને સ્વચ્છ, સ્વસ્થ અને આદર્શ શહેર બનાવવા મારા તમામ પ્રયત્નો રહેશે.

## જાહેર બાંધકામ સમિતિ

**ચેરમેન : જયેશભાઈ કંસારા**



મારી પ્રથમ પ્રાથમિકતા વાપી શહેરના તમામ વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત રસ્તાઓ, વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે મજબૂત ડ્રેનેજ વ્યવસ્થા અને જરૂરી સ્થળોએ નવા ડામર રોડ કે પેવર બ્લોક રોડ સાથે જાહેર સુવિધાઓ વિકસાવવામાં આવશે. વાપી મનપામાં નવા ભળેલા ગામોમાં પણ શહેર સમકક્ષ પાકા રોડ સહિતની માળખાકીય સુવિધાઓ પહોંચે તે માટે ખાસ આયોજન કરવામાં આવશે. દરેક વિકાસકામ સમયમર્યાદામાં, પારદર્શિતા સાથે અને ગુણવત્તાના ધોરણો જાળવી પૂર્ણ થાય તેની વ્યક્તિગત દેખરેખ રાખીશું. નાગરિકોની ફરિયાદોને પ્રાથમિકતા આપી ઝડપી ઉકેલ લાવવાનો પ્રયાસ રહેશે. હરિયાળું, સ્વચ્છ, સુરક્ષિત અને ટ્રાફિકમુક્ત વાપીનું નિર્માણ કરવા માટે જનપ્રતિનિધિઓ, અધિકારીઓ અને નાગરિકોના સહયોગથી વિકાસની નવી દિશા આપવાનું અમારું લક્ષ્ય રહેશે.

## જાહેર પરિવહન સમિતિ

**ચેરમેન : દર્પણ ભાઈ દેસાઈ**



વાપી મહાનગરપાલિકાની જાહેર પરિવહન સમિતિના ચેરમેન તરીકે મારું મુખ્ય વિઝન શહેરના દરેક નાગરિકને સુરક્ષિત, સમયસર, સુલભ અને આધુનિક સિટી બસની જાહેર પરિવહન સેવા ઉપલબ્ધ કરાવવાનું રહેશે. શહેરના દરેક વિસ્તારને ધ્યાનમાં રાખીને બસ રૂટનું વિસ્તરણ, મુસાફરોની જરૂરિયાત મુજબ સમયપત્રકમાં સુધારા તેમજ નવા બસ સ્ટોપની સુવિધા વિકસાવવામાં પ્રાથમિકતા આપવામાં આવશે. મહિલા, વિદ્યાર્થી, વરિષ્ઠ નાગરિક અને દિવ્યાંગ મુસાફરો માટે વધુ અનુકૂળ પરિવહન વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. તેમજ ડિજિટલ ટિકિટિંગ અને મુસાફરોને બસના સમય અંગે સરળ માહિતી મળી રહે તે માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ વધારવામાં આવશે. નાગરિકોના સૂચનોને મહત્વ આપી જાહેર પરિવહનને વધુ વિશ્વસનીય, પર્યાવરણમિત્ર અને કાર્યક્ષમ બનાવવાના સતત પ્રયાસો કરવામાં આવશે, જેથી વધુમાં વધુ લોકો જાહેર પરિવહનનો ઉપયોગ કરે અને શહેરમાં ટ્રાફિક તથા પ્રદૂષણમાં ઘટાડો થાય.

## પાણી સમિતિ

**ચેરમેન કૌશિકભાઈ પટેલન**



પાણી સમિતિના ચેરમેન તરીકે મારી પ્રથમ પ્રાથમિકતા વાપી શહેરના દરેક વિસ્તારમાં સ્વચ્છ, પૂરતું અને નિયમિત પીવાનું પાણી પહોંચાડવાની રહેશે. શહેરની વધતી વસતીને ધ્યાનમાં રાખીને પાણી પુરવઠાની વ્યવસ્થાને વધુ આધુનિક અને કાર્યક્ષમ બનાવવામાં ડુંગરા સહિત કેટલાક વિસ્તારમાં ફિક્ટરેશન પ્લાન્ટ સહિતના પ્રોજેક્ટ અમલમાં છે. જ્યાં પણ પાણીના દબાણની સમસ્યા છે અથવા વારંવાર પાણીની લાઇનમાં લીકેજ થાય છે, ત્યાં તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવશે. પાણીનો બગાડ અટકાવવા તેમજ વરસાદી પાણીના સંચયને પ્રોત્સાહન આપવા માટે પણ વિશેષ આયોજન કરવામાં આવશે. શહેરના નાગરિકોની ફરિયાદોનો ઝડપી નિકાલ થાય તે માટે ફરિયાદ નિવારણ વ્યવસ્થા ઉભી કરવામા આવી છે. પાણી સંબંધિત તમામ વિકાસ કાર્યોમાં ગુણવત્તા, સમયમર્યાદા અને પારદર્શિતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે. નાગરિકોના સહયોગથી વાપીને પાણી વ્યવસ્થાપનમાંએક આદર્શ શહેર બનાવવાનો મારો સંકલ્પ છે, જેથી દરેક પરિવારને નિરંતર અને સુરક્ષિત પીવાના પાણીની સુવિધા મળી રહે.

# વાપીમાં શ્રી કચ્છી જૈન એકતા ગૃપ દ્વારા કચ્છી નવાવર્ષ આષાઢી બીજની ભવ્ય ઉજવણી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપીમાં શ્રી કચ્છી જૈન એકતા ગૃપ દર વર્ષેકચ્છી નવા વર્ષ તરીકે આષાઢી બીજની ઉજવણી કરતો આવ્યો છે. આ વર્ષે મહાવીર નગરમાં આવેલા ચંદ્રવિલા હોલમાં ગૃપના પ્રમુખ રાજેશભાઈ પુરિયા, ટ્રસ્ટી હરિશભાઈ ગાલા, મહેન્દ્રભાઈ સાવલા અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં અષાઢી બીજની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીનું મુખ્ય આકર્ષણ મુંબઈથી આમંત્રિત ઈન્ટરનેશનલ કચ્છી કલાકાર હિરલ સાવલા અને અરવિંદ વેદાંતની ટીમનું મ્યુઝિકલ કોન્સર્ટ હતું. જેમાં કચ્છી ગીતોથી લઈને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓની રમઝટ જામી હતી.

આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં સમાજના ૩૦૦ ઉપરાંત સભ્યોની ભરચક હાજરી રહી હતી. ઉલ્લેખનીય છે કે શ્રી કચ્છી જૈન એકતા ગૃપની સ્થાપનાને ત્રીસ વરસ પૂરા થયા છે અને આ ગૃપમાં મોટા ભાગના હોદ્દેદારો મહિલાઓ છે.

શ્રી કચ્છી જૈન એકતા ગૃપ પોતાના ગૃપ માટે કચ્છી નવા વરસની ઉજવણી, પીકનીક, રમતગમત અને સાંસ્કૃતિક પ્રોગ્રામો અને સમાજસેવાના કાર્યક્રમો સમાજના સભ્યોના સહકારમાં કરતુ રહે છે.

# શ્રી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા કચ્છી નવું વર્ષ-અષાઢી બીજનો કાર્યક્રમ યોજાશે

### સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૫ :** શ્રી ભાનુશાલી મિત્રમંડળ ટ્રસ્ટ - વાપી દ્વારા પાંજો નવું વર્ષ -૨૦૨૬ (ઓધવ સંવત ૧૩૭) નિમિત્તે કચ્છી નવું વર્ષ અષાઢી બીજનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ તા.૧૯-૦૭-૨૦૨૬, રવિવારના રોજ બપોરે ૩:૩૦ કલાકથી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી, રાજ રેસીડેન્સી બિલ્ડીંગની પાસે, છરવાડા રોડ, વાપી ખાતે યોજવામાં આવશે.

ટ્રસ્ટના આયોજન મુજબ બપોરે ૩:૩૦થી ૪:૦૦ કલાકે દીપ પ્રાગટ્ય, સ્તુતિ અને પ્રાસંગિક પ્રવચન, બપોરે ૪:૦૦થી ૬:૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ રાત્રે ૭:૩૦થી ૧૦.૦૦ કલાકે ઓધવ પ્રસાદનું વિતરણ કરવામાં આવશે.

કાર્યક્રમની વિશેષતા તરીકે સાંજે ૪:૦૦ કલાકે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આયોજકો દ્વારા જ્ઞાતિજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા અપીલ કરવામાં આવી છે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે જોડાવા આયોજન સમિતિ દ્વારા જણાવાયું કે સાંસ્કૃતિક કાર્યક્રમમાં રિમિક્સ અને ફિલ્મી ગીતોનો સમાવેશ કરવામાં આવશે નહીં.

# કુંતા-વટારના ખેડૂતો ખાનગી વીજ કંપનીના વળતરની રાહમાં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** કુંતા વટાર વિસ્તારના ખેડૂતો ખાનગી વીજ કંપની દ્વારા બિછાવવામાં આવેલી હાઈટેન્શન લાઈનના વળતરની વર્ષોથી રાહ જોઈ રહ્યા છે. ખેડૂતોની પરવાનગી કે મજૂરી વિના જ તેમની ખેતીની જમીનમાંથી કિલોમીટર સુધી હાઈટેન્શન ટાવર અને વાયરો બિછાવી દેવામાં આવ્યા હતાં. ખેડૂતોનો આક્ષેપ છે કે લાઈન પસાર થયા બાદ તેમની જમીનનું બજાર મૂલ્ય ઘણી હદે ઘટી ગયું છે. ખેતીમાં અવરોધ ઉભો થયો છે અને જમીન વેચવી પણ મુશ્કેલ બની છે. કંપની દ્વારા માત્ર કપાયેલા વૃક્ષોનું જ વળતર ચૂકવવામાં આવ્યું છે. જમીન સંપાદન કે નુકસાનનું કોઈ વળતર આજદિન સુધી આપવામાં આવ્યું નથી. ખેડૂતો વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા હવે જમીનનું વળતર મેળવવા માટે કોર્ટના ધક્કા ખાવાની ફરજ પડી છે. અસરગ્રસ્ત ખેડૂતોએ માંગ કરી છે કે સરકાર અને વહીવટી તંત્ર દરમિયાનગીરી કરીને ખાનગી કંપની પાસે તાત્કાલિક યોગ્ય વળતર અપાવે.

### મીડિયા ચેરિટેબલ ટ્રસ્ટ, અને વલસાડ સમાચાર દ્વારા

# વાપીમાં ચોથો રક્તદાન શિબિરમાં ૧૦૭ યુનિટ રક્ત ભેગુ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** મીડિયા ચેરિટેબલ ટ્રસ્ટ વાપી અને વલસાડ સમાચારના સંયુક્ત નેજા હેઠળ આજે તા. ૧૪-૭-૨૦૨૬ને મંગળવારના રોજ વાપી ચણોદ ખાતે આવેલ રાજસ્થાન ભવન ખાતે ચોથો રક્તદાન શિબિર યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન ગૌતમ દેસાઈ (અતુલ લિમિટેડના જનરલ મેનેજર) દ્વારા દીપ પ્રગટાવીને શિબિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

દર વર્ષેની જેમ રક્તદાન શિબિરને લોકોનો ઉત્સાહપૂર્ણ સમર્થન મળ્યું હતું. કુલ ૧૦૭ યુનિટ રક્ત એકત્ર થયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં વિવિધ કંપનીઓ, સામાજિક સંસ્થાઓ અને સામાજિક કાર્યકરોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમમાં રામદાસજી મહારાજ, કમલેશભાઈ પટેલ, કેતનભાઈ જોષી અને અન્ય લોકો સહિત અનેક મહાનુભાવો અને સામાજિક કાર્યકરોએ શિબિરમાં હાજરી આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન જયરૂપદાસ વૈષ્ણવ એ જણાવ્યું કે રક્ત એ માનવ જીવન માટે જરૂરી એક અમૂલ્ય સંસાધન છે અને તે ફેક્ટરીમાં બનાવી શકાતું નથી કે બજારમાંથી ખરીદી શકાતું નથી. તેમણે ભાર મૂક્યો કે દરેક સ્વસ્થ વ્યક્તિએ સમયાંતરે સ્વેચ્છાએ રક્તદાન કરવું જોઈએ જેથી જરૂરિયાતમંદ દર્દીઓનો જીવ બચાવી શકાય. દરેક યુવાનોએ સમય અંતરે રક્તદાન કરવું જોઈએ તેમ જણાવ્યું હતું.

# નેહરુ સ્ટ્રીટના જર્જરિત મકાનનું રિપેરિંગ કામ શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૫ :** વાપી શહેરના નેહરુ સ્ટ્રીટ વિસ્તારમાં આવેલું જર્જરિત અને જોખમી મકાનનું રિપેરિંગ કામ શરૂ કરવામાં આવ્યું છે. વાપી મહાનગરપાલિકા દ્વારા ચોમાસાની ઋતુ દરમિયાન મકાનની સ્થિતિ અત્યંત નબળી બનતાં વરસાદમાં કોઈ દુર્ઘટના સર્જાય નહીં તે માટે વાપી મહાનગરપાલિકાએ અગાઉ મકાન માલિકને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા નોટિસ આપી.

મહાનગરપાલિકાના સૂચન બાદ મકાન માલિક દ્વારા જોખમી ભાગનું સમારકામ શરૂ કરાયું છે. છેલ્લા કેટલાક સમયથી આ મકાનની દીવાલો અને છતના ભાગો જર્જરિત થઈ ગયા હતાં, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ અને રસ્તેથી પસાર થતાં લોકોમાં ભયનો માહોલ હતો.

મનપા દ્વારા ચોમાસા પૂર્વે શહેરના જોખમી મકાનોનું સર્વેક્ષણ હાથ ધરી જરૂરી સ્થળોએ નોટિસો પાઠવવામાં આવી હતી. નેહરુ સ્ટ્રીટનું આ મકાન પણ તે યાદીમાં સામેલ હતું.

સાથે અનેક મકાન માલિકને પણ સમયસર સમારકામ શરૂ થતાં સ્થાનિકોએ રાહતની લાગણી વ્યક્ત કરી છે.


નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)


Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373

RAJHANS EDUCATION TRUST'S

VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10



12th Year Anniversary

SPECIAL OFFERS

Early Bird Discount
Till 31st March

FREE Textbooks
From Nursery to Std 10

Special Concession
On Admission Fees

Additional Curriculum features

1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW

School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

# અન્ય સમાચારો

## રાજ્યમાં ઓછા વરસાદવાળા વિસ્તારોમાં ઘાસચારાની વ્યવસ્થા માટે કલેક્ટરોને સત્તા

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૧૫ :** ગુજરાત સરકારે પશુધનની સુરક્ષા માટે કેબિનેટમાં મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યમાં જે વિસ્તારોમાં ઓછો વરસાદ થયો છે તેવા વિસ્તારોમાં ઘાસચારાની વ્યવસ્થા માટેની સીધી સત્તા જિલ્લા કલેક્ટરને સોંપવામાં આવી છે.

આ અંગેની વિગતો આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ઓછા વરસાદવાળા વિસ્તારોમાં પશુઓના ઘાસચારાની વ્યવસ્થામાં વિલંબ ન થાય તે માટે જિલ્લા કલેક્ટરને સીધી સત્તા સોંપવામાં આવી છે. પરિણામે, ગૌશાળા અને પાંજરાપોળમાં આશ્રય મેળવી રહેલા પશુધનના ઘાસચારા માટેની જરુરી વ્યવસ્થા માટે સમયનો વ્યય નહીં થાય.

નાયબ મુખ્યમંત્રીએ આ અંગેનું કારણ સ્પષ્ટ કરતાં કહ્યું કે, સામાન્યપણે, આ પ્રકારની વહીવટી મંજૂરી-પ્રક્રિયામાં ઘણો સમય વ્યતિત થતો હોવાનું ધ્યાને આવતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે હવે જિલ્લા કલેક્ટર જિલ્લાની વાસ્તવિક પરિસ્થિતિ અને જરૂરિયાતને ધ્યાને રાખીને ઘાસચારા બાબતે ત્વરિત નિર્ણય લઈ શકશે.

## ગુજરાત સરકારનો નિર્ણય હવેથી રાજ્યમાં અશાંત વિસ્તાર, નિર્દિષ્ટ વિસ્તાર કહેવાશે

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૧૫ :** ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૧ના અશાંત વિસ્તાર એક્ટ-Disturbed Areas Actમાં મહત્વના ફેરફારો કરતો નવો સુધારા કાયદો પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ, રાજ્ય સરકારના કાયદા વિભાગ દ્વારા 'ગુજરાત અશાંત વિસ્તાર (સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ અને ભાડૂતોને ખાલી કરાવવા સામે રક્ષણ આપવા બાબત-સુધારા,) કાયદો, ૨૦૨૬' સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ કાયદાકીય ફેરફારો અંતર્ગત વર્ષ ૧૯૯૧ના મૂળ કાયદાની જોગવાઈઓ અને વ્યાખ્યાઓમાં કેટલાક મહત્વના અને કડક સુધારા અમલી બનાવવામાં આવ્યા છે. આ સુધારા વિધેયકને રાષ્ટ્રપતિ દ્વારા ૨૯મી, જૂન, ૨૦૨૬ના રોજ મંજૂરી આપવામાં આવી હતી. ગુજરાત સરકારના ગેઝેટમાં આ કાયદો ૧૩મી જુલાઈ, ૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

હવે, રાજ્ય સરકાર સત્તાવાર ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને આ કાયદો જે તારીખ નક્કી કરે ત્યારથી તે અમલમાં આવશે. આ કાયદો મૂળે કોમી રમખાણો બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં ડરના કારણે થતી મિલકતોની અયોગ્ય ખરીદ-વેચાણ રોકવા ૧૯૯૧માં બન્યો હતો. હવે, અશાંતથી નિર્દિષ્ટ જેવો શબ્દોમાં ફેરફાર અને દેખરેખ સમિતિની ભૂમિકા વધારવી સહિતના આ બંને બાબતો કાયદાના અમલમાં વધુ પારદર્શિતા અને પ્રક્રિયાગત નિયંત્રણ લાવવાના પ્રયાસ તરીકે જોવાઈ રહી છે.

## ગુજરાતના મુખ્યમંત્રીનો ૬૫ જન્મદિવસ ઉજવાયો




**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૧૫ :** ગુજરાતના લોકપ્રિય અને મૃદુ-મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આજે ૬૫ મો જન્મદિવસ છે. એક સામાન્ય કાર્યકરથી લઈને મુખ્યમંત્રી પદ સુધીની તેમની સફર નિષ્ઠા, સાદગી અને જનસેવાના મૂલ્યોથી ભરેલી રહી છે. આજે જન્મદિવસના આ ખાસ દિવસે તેમને દેશભરમાંથી શુભેચ્છાઓનો અવિરત પ્રવાહ મળી રહ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયાના માધ્યમથી મુખ્યમંત્રીને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. વડાપ્રધાને તેમના લાંબા આયુષ્ય અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરતા તેમને લોકોની આકાંક્ષાઓ પૂર્ણ કરવામાં મોખરે રહેનાર નેતા ગણાવ્યા છે.

આ પ્રતિભાવ બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનનો આભાર માનતા જણાવ્યું હતું કે, 'આપના આશીર્વાદ અને માર્ગદર્શન મારા માટે પ્રેરણાનો અનંત સ્ત્રોત છે. વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાત સંપૂર્ણપણે કટિબદ્ધ છે.'

તેવી જ રીતે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ તેમને દીર્ઘાયુની કામના સાથે ગુજરાતની વિકાસયાત્રામાં તેમના સરાહનીય યોગદાનને બિરદાવ્યું છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન અને અન્ય પદાધિકારીઓની શુભેચ્છાઓનો સ્વીકાર કરતા મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે,`ગુજરાત હંમેશા રાષ્ટ્રહિતની ભાવના સાથે આગળ વધતું રહેશે. તેમણે રાજ્યના દરેક નાગરિકની સેવા માટે પોતાની જાતને સમર્પિત કરવાનો સંકલ્પ ફરી દોહરાવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પોતાના જન્મદિવસ અવસરે વહેલી સવારે અડાલજ ત્રિમંદિર ખાતે દાદા ભગવાન મંદિરમાં દર્શન-અર્ચન કરીને દિવસના કાર્યોનો પ્રારંભ કર્યો હતો. મુખ્યમંત્રીએ ત્રિમંદિર પરિસરમાં પૂજ્ય દાદા ભગવાન, પૂજ્ય નીરૂમાંની સમાધિ પર શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતાં.



### જગન્નાથ મંદિરે ગજરાજોને પેઈન્ટીંગ, કંકુ, ચંદનથી શણગારાયા

ભગવાન જગન્નાથની ૧૪૯મી નીકળનારી રથયાત્રા પૂર્વે આજે રથયાત્રામાં સામેલ થનારા ગજરાજોનું આજે પૂજન કરવામાં આવ્યું અને ભગવાન જગન્નાથના સોનાવેશમાં મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન કર્યાં હતાં. ભગવાન ગણેશજીનું સ્વરૂપ ગણાતા ગજરાજોને મહાવતોએ ચંદન, કંકુ, આકર્ષક રંગ અને પરંપરાગત આભૂષણોથી શણગાર કર્યો હતો. તેમના દર્શન કરવા માટે આજે વહેલી સવારથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. આવતીકાલે નીકળનારી ભવ્ય રથયાત્રામાં આ ગજરાજો સૌથી આગળ રહીને સમગ્ર યાત્રાનું નેતૃત્વ કરશે.

## આજે અમદાવાદમાં ૧૪૯મી રથયાત્રા

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા. ૧૫ :** આવતી કાલે અષાઢી બીજ (૧૬મી જુલાઈ)ના દિવસે જગતના નાથ ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળભદ્રજી રથમાં સવાર થઈને નગરચર્યાએ નીકળશે. અમદાવાદની ૧૪૯ની રથયાત્રા માટે ભગવાનનું મોસાળ ભક્તિમય માહોલમાં રંગાઈ ચૂક્યું છે. અહીં આવેલી મોટાભાગની શેરી અને પોળમાં રસોડાઓ ધમધમી રહ્યા છે. ત્યારે આજે સાંજથી જ (૧૫મી જુલાઈ) પોળમાં હજારો કિલો મોહનથાળ અને ફૂલવડી બનાવવામાં આવી છે. ભગવાનના મોસાળ સરસપુરની એ પરંપરા રહી છે કે રથયાત્રામાં જોડાયેલા સાધુ-સંતો, લાખો ભક્તો અને સુરક્ષામાં તહેનાત પોલીસ કર્મચારીઓને સ્થાનિક રહિશો અત્યંત હેતપૂર્વક જમાડે છે. આ સેવા યજ્ઞ માટે પોળ અને શેરીના યુવાઓ તેમજ વડીલો છેલ્લા કેટલાક દિવસોથી રાત-દિવસ એક કરીને તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

મોસાળમાં ભોજન બનાવવાની કામગીરી હવે અંતિમ તબક્કામાં પહોંચી ચૂકી છે. દરેક પોળ અને સોસાયટીના રસોડામાં હજારો કિલો શુદ્ધ ઘીનો મોહનથાળ અને ફરસાણમાં લાઈવ ફૂલવડી બનાવીને તૈયાર રાખવામાં આવી છે. આવતીકાલે અષાઢી બીજની વહેલી સવારથી જ બટેકાનું શાક, મિક્સ શાક, ગરમાગરમ પુરી અને દાળ-ભાત બનાવવાની કામગીરી શરૂ કરાશે, જેથી મોસાળમાં આવતા ભક્તોને ગરમ અને તાજો પ્રસાદ પીરસી શકાય.

---

**પ્રશાસન, દાદરા & નગર હવેલી અને દમન & દીવ, કેન્દ્ર શાસિત પ્રદેશ**
**વન વિભાગ ( વન્ય જીવ ), દાદરા & નગર હવેલી**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

વિષય: ડીએનએચના નોર્થન રેન્જ (૨૮૦ હેક્ટર) અને સેન્ટ્રલ રેન્જ (૨૦૦ હેક્ટર) ના વન વિસ્તારમાં બ્લોક તથા મિશ્ર વાવેતરના નિર્માણ માટે લોડિંગ, અનલોડિંગ અને પરિવહન સહિત વાવેતર સામગ્રીની સપ્લાય કરવાની કામગીરી.

| | | |
|---|---|---|
| ટેન્ડર નં. | : | 7-2/960-FD/WL/2026/619 |
| ટેન્ડર દસ્તાવેજોનું ઓનલાઇન ડાઉનલોડ | : | 08.07.2026 06.30 વાગ્યા થી |
| ઓનલાઇન કિંમત બિડ સબમિશન | : | 21.07.2026 બપોરે 12.00 વાગ્યા સુધી |
| પ્રાઇસ બિડ ઓનલાઈન ઓપનિંગ | : | 21.07.2026 15.00 વાગ્યા |
| ટેન્ડર આઇડી નંબર. | : | 2026_UTDNH_8146_1 |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો
www.dnh.gov.in , www.dnhtenders.gov.in

**નાયબ વન સંરક્ષક, વન્ય જીવ, દાદરા અને નગર હવેલી, સિલવાસા**
**NO.: IP/DMN/2/5/2026-27/316 DATED : 15/07/2026**

---

**UT ADMINSTARATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Public Works Department
**NOTICE INVITING TENDER**

**Procurement Of Furniture for School Building at Various Places in UT OF DNH.**

| | |
|---|---|
| On line downloading start of tender documents | 14.07.2026 @ 18.00 Hrs |
| * Pre-bid meeting | 22.07.2026 @ 11.30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 07.08.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 07.08.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 07.08.2026 @ 16.30 hrs. (if possible) |

For details please scan dnhtenders.nic.in
ee-bldg-dnh@ddd.gov.in
0260 2642350

ID.No. 2026_UTDNH_8154_1

/c. Executive Engineer, P.W.D.,WD-I, DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/444 Dtd.14/07/2026

**NO.: IP/DMN/2/5/2026-27/315 DATED : 15/07/2026**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨ )જ.મ.પ.અ.નં.૪૪/૨૦૨૬

**અરજદાર : અમ્રતભાઈ વસીયાભાઈ કોલા**
ઉ.વ.આ.૪૨, ધંધો - ખેતી, રહે. તલવાડા, બ્રાહ્મણ ફળિયા
(વ.શ્રી. એચ.એમ. પટેલ)

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી તલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અમ્રતભાઈ વસીયાભાઈ કોલા** રહે. તલવાડા, બ્રાહ્મણભાઈ ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર **સાહીલભાઈ અમ્રતભાઈ કોલાનો** જન્મ તા.૧૦-૧૧-૨૦૧૯ના રોજ મોજે - તલવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/૨.જી.નં.૪૪/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**ગુજરાત સરકાર**
**જળસંપત્તિ વિભાગ,**
**નિવિદા નં.૦૫, સને ૨૦૨૫-૨૬ નો સુધારો - ૧**
**પંચાયત સિંચાઈ વિભાગ, વલસાડ**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, વલસાડ દ્વારા સામુહિક કુવા બનાવવાના કુલ - ૩૫ કામો, જેની અંદાજીત કિંમત રૂા.૧૫.૫૪ લાખથી રૂા.૪૧.૪૧ લાખ સુધીના માટે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી તા.૧૩/૦૭/૨૦૨૬ થી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી એસ.બી.ડી. ફોર્મમાં ટેન્ડરો મંગાવવામાં આવેલ હતા. જે ટેન્ડરો હવે પછી તા.૦૬/૦૮/૨૦૨૬ સુધી ઓનલાઈન જોઈ શકાશે તથા ટેન્ડર અપલોડ કરી શકાશે. બાકીની શરતો યથાવત રહેશે.

| | |
|---|---|
| ૧. ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તારીખ ૦૬/૦૮/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી |
| ૨. ફિઝીકલ ડોક્યુમેન્ટ (ટેન્ડર ફી અને બાનાની રકમ) મોકલવાની તારીખ | તારીખ ૧૭/૦૮/૨૦૨૬, સુધી કચેરી સમય દરમ્યાન રજી. પોસ્ટ એ.ડી. /કુરીયર/ સ્પીડ પોસ્ટ દ્વારા (દરેક કામવાર ફરજીયાત અલગ અલગ કવરોમાં ડોક્યુમેન્ટસ મોકલવાના રહેશે.) |
| ૩. ઓનલાઈન આવેલ ટેન્ડર ખોલવાની તારીખ અને સ્થળ | તારીખ ૧૮/૦૮/૨૦૨૫, ૧૨:૦૦ કલાકે કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, વલસાડ (ફોન નં. ૦૨૬૩૨ - ૨૪૪૩૧૪) |

આ કામોની વિગતવાર નોટીસ આ કચેરીના મોટીસ બોર્ડ ઉપર તેમજ www.nprocure.com ઉપર જોવા મળશે.
નં.માહિતી/વલસાડ/સુ/૨૫૫/૨૦૨૬

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૨૦૭/૨૦૨૬

**અરજદાર : ટંડેલ ઘનશ્યામભાઈ બુધાભાઈ,**
રહે. કકવાડી,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કકવાડી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ટંડેલ ઘનશ્યામભાઈ બુધાભાઈ**, રહે.કકવાડી, તા.જી.વલસાડએ તેમના પોતાનો **ટંડેલ ઘનશ્યામભાઈ બુધાભાઈનો** જન્મ તા.૦૨-૦૬-૧૯૬૯ના રોજ મોજે.કકવાડી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૨૦૭/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

## NOTICE

It is hereby informed to general public at large that, Manilal Ratna left the house situated at Kumbhar Falia, Village Varkund, Nani Daman on or about in the year 1970 and never came back to Daman and he is presumed to be died as per law. No any persons or persons have ever seen Manilal Ratna at Daman or elsewhere in India. Chandubhai Parsottambhai and Rameshbhai Parsottam are paternal nephews of Manilal Ratna. Ranjanben Ishwarbhai is widow of Ishwarbhai and Ishwarbhai was nephew of Manilal Ratna. Urmit Ishwarbhai and Yash Ishwarbhai are the sons of Ishwarbhai and Ranjanben and Ishwarbhai is nephew of Manilal Ratna and all the above are nearest relatives and only legal heirs of Late Manilal Ratna.

The near relatives of Manilal Ratna are going to obtain Declaration from the Hon'ble competent Court for presumption of death of Manilal Ratna and seek declaration about his death and obtain death certificate of Manilal Ratna. If any person or persons have any type of claim or objections against this notice, then objection in writing may be submitted within 15 days from the receipt of this notice to the undersigned. Otherwise my client shall presume that there is no objection from anybody and henceforth no any person shall have claim or right in the above said property and my client shall proceed with legal proceedings.

Daged : 15-07-2026

Sd/-
**Shri Yusuf S. Ghia,**
**Advocate,**
**14, Umesh Complex, Char Rasta, Nani Daman, Daman.**
**Mobile No. 8160769817.**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૦૯૫/૨૦૨૬

**અરજદાર : શાંતિબેન મંછુભાઈ ટંડેલ,**
રહે. મગોદ ડુંગરી,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મગોદડુંગરી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શાંતિબેન મંછુભાઈ ટંડેલ**, રહે.મગોદડુંગરી, તા.જી.વલસાડએ તેમના સસરા **બુધીયાભાઈ રણછોડભાઈ ટંડેલનું** મરણ તા.૧૦-૦૫-૧૯૭૫ના રોજ મોજે. મગોદડુંગરી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૦૯૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૬૬૭/૨૦૨૬

**અરજદાર : ધર્મેશ દિનેશ પટેલ,**
રહે. રૂમ નં.૬, ભીખા ગોવીંદ ચાલ, કાજુ પાડા, શંકર લેન, કાંદીવલી વેસ્ટ, મુંબઈ, મહારાષ્ટ્ર, તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પારડી પારનેરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ધર્મેશ દિનેશ પટેલ**, રહે.રૂમ નં.૬, ભીખા ગોવીંદ ચાલ, કાજુ પાડા, શંકર લેન, કાંદીવલી વેસ્ટ, મુંબઈ, મહારાષ્ટ્ર, તા.જી.વલસાડએ તેમના માતા **ગીતાબેન દિનેશભાઈ પટેલનું** મરણ તા.૨૫-૦૮-૨૦૨૪ના રોજ મોજે. પારનેરા પારડી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૬૬૭/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મારા અસીલ અનિશ વિરાણી તે સ્વ. અનવરભાઈ વિરાણીના પુત્ર (ઉ.આ.વ. ૪૬ વર્ષ), સમીર વિરાણી તે સ્વ. અનવરઅલી વિરાણીના પુત્ર અને યાસ્મીનબેન વિરાણી તે સ્વ. અનવરભાઈ વિરાણીના પત્ની તમામ રહે. બિલ્ડીંગ નંબર એફબી, ફ્લેટ નંબર ૦૨, ગુરદેવ ફેજ -૨, સાયલી રોડ, સેલવાસ, દાદરા અને નગર હવેલી ૩૯૬૨૩૦, મારા અસિલનાં પિતા સ્વ. અનવરઅલી વિરાણીનાં કાયદેસરનાં સીધીલીટીના વારસદાર ઉપર જણાવ્યા મુજબના છે. સ્વ. અનવરઅલી વિરાણીનાનું તા.૦૧/૦૪/૨૦૧૭નાં રોજ અવસાન થયેલ છે. જેઓ કોઈ પણ હક્કદાર નક્કી કર્યા વગર મૃત્યુ પામેલ છે. સદર દાદરા નગર હવેલી સંઘ પ્રદેશનાં મોજે સેલવાસ ગમે સ્વ. અનવરઅલી વિરાણીનાનાં નામે સંપતિ આવેલ છે. જેનું વર્ણન નીચે મુજબ છે.

| નં. | સંપત્તિનું નામ | સંપત્તિનું સરનામું |
|---|---|---|
| | Flat No.:01, Building A - Wing Ground Floor, Shilpa Appartment, behind Dan Hotel, Vrundavan Societym Dadra & Diu-396230 Property ID : S05022777000 | દાદરા નગર હવેલી સંઘ પ્રદેશનાં મોજે સેલવાસ ગામે આવેલ. Flat No.:01, Building A - Wing Ground Floor, Shilpa Appartment, behind Dan Hotel, Vrundavan Societym Dadra & Diu-396230 જે દાદરા અને નગર હવેલીમાં આવેલ મિલકત જે સેલવાસ, નગર પાલિકા દફતરે, Property ID : S05022777000 થી નોંધાયેલ છે. |

સદર ઉપરોક્ત મિલકત સેલવાસ નગર પાલિકા દફતરે આવેલ પ્રોપર્ટી મારા અસીલ પોતાના નામે કરાવવા માટે અરજી કરેલ છે. મજકુર ઉપર વર્ણવેલ પ્રોપર્ટી અંગે જો કોઈનો કંઈપણ હક્ક, હિસ્સો, વારસાઈ, ગીરો, વેચાણ, ગિફ્ટ, લીઝ, ટેનન્સી, લિયન, બીજો ટ્રસ્ટ, ભરણ પોષણ, ઈઝમેન્ટ કે અન્ય દરદાવો હોય તો તેમણે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દીન ૭માં તેવા હક્ક દાવાઓ સબંધી દસ્તાવેજી પુરાવાઓ લાવી મુખ્ય અધિકારીશ્રી સેલવાસ નગર પાલિકામાં તેમનો દાવો રજુ કરવો. યા હમો નીચે સહી કરનાર રૂબરૂ વાંધાઓ દસ્તાવેજી પુરાવાઓ સાથે રજુ કરવા, નહીંતર સદરહુ મુદત વીત્યેથી મજકુર પ્રોપર્ટી મિલકતમાં અન્ય કોઈના કોઈપણ હક્ક દાવો નથી, અને જો કોઈ હોય તો તે મુદત વીત્યે જતાં કર્યા છે. એવું માની સદર ઉપરોક્ત પ્રોપર્ટીમાં મારા અસીલ તેમના લાભમાં સદર પ્રોપર્ટીનો સેલવાસ નગર પાલિકા દફતરે તેઓનાં નામે પ્રોપર્ટીના માલિક તરીકે નોંધણી કરાવી લેશે. અને પાછળથી મજકુર પ્રોપર્ટીના હક્ક, દાવો, સબંધી, કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી.

**સહી/- શિવાની ડી. પટેલ, એડવોકેટ**
**એડ્રેસ : ૭૭૨/૨, માં કૃપા, કુંભાર ફળિયા, ગામ - આમળી, સેલવાસ - ૩૯૬૨૩૦**

---





ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસકાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપ, ઇબ્લુ ચપલ.સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસકાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond · dinesh · Siyarams · DONEAR · DIGJAM · NIRVAN SHIRTINGS · ICON ashima LUXURY FABRICS · Kripton
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

